સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 42

[OCTOBER - 2023]
[15/10/23 to 21/10/23]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)




JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

ICEONLINE APP
iceonline

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ
રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે ક્લિક કરો.

# Timeline

**15 OCT-2023**


➤ દિવસ મહિમા : 15 ઓક્ટોબર, વિશ્વ વિદ્યાર્થી દિવસ, આંતરરાષ્ટ્રીય ગ્રામીણ મહિલા દિવસ, ગ્લોબલ હેન્ડવોશિંગ ડે ........ 02
➤ દક્ષિણ આફ્રિકાના ટોલસ્ટોય ફાર્મમાં મહાત્મા ગાંધીજીની પ્રતિમાનું અનાવરણ ........ 03
➤ રાજકોટના સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમનું નવું નામ : નિરંજન શાહ સ્ટેડિયમ ........ 03
➤ QUESTION ANSWERS ........ 04


**16 OCT-2023**


➤ દિવસ મહિમા : 16 ઓક્ટોબર, વિશ્વ ખાદ્ય દિવસ, વિશ્વ એનેસ્થેસિયા દિવસ ........ 05
➤ ગોવાના કાજુને GI ટેગ ........ 05
➤ માહિતી આયોગ : Report Card on the Performance of Information Commission in India ........ 06
➤ લોસ એન્જલસ ઓલિમ્પિકમાં ક્રિકેટ સહિત નવી ગેમ્સ સામેલ ........ 09
➤ QUESTION ANSWERS ........ 10


**17 OCT-2023**


➤ દિવસ મહિમા : 17 ઓક્ટોબર, વિશ્વ ગરીબી નાબૂદ દિન, ડિજિટલ સોસાયટી દિવસ ........ 11
➤ RITES લિમિટેડ અને IRCONને નવરત્નનો દરજ્જો ........ 11
➤ સજાતીય લગ્નોને માન્યતા નહીં : સુપ્રીમ કોર્ટ ........ 12
➤ QUESTION ANSWERS ........ 15


**18 OCT-2023**


➤ કૃષ્ણા જળ વિવાદ (Krishna Water Dispute) ........ 16
➤ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના ........ 19
➤ QUESTION ANSWERS ........ 21


**19 OCT-2023**


➤ દિવસ મહિમા : 19 ઓક્ટોબર, મનુષ્ય ગૌરવ દિન (પુજ્ય પાંડુરંગ શાસ્ત્રી આઠવલે જન્મદિન) ........ 22
➤ IndiaSkill 2023-24 ........ 22
➤ ગ્લોબલ મેરીટાઈમ ઈન્ડિયા સમિટ 2023 ........ 22
➤ નોબેલ પુરસ્કાર વિજેતા સુશ્રી લુઈસ ગ્લુકનું નિધન ........ 23
➤ QUESTION ANSWERS ........ 24


**20 OCT-2023**


➤ દિવસ મહિમા : 20 ઓક્ટોબર, રાષ્ટ્રીય ઐક્ય અથવા તો સુદ્રઢતા દિવસ, વિશ્વ આંકડા દિવસ, વિશ્વ ઓસ્ટીયોપોરોસીસ દિવસ ........ 25
➤ ભારત-શ્રીલંકા ફેરી સર્વિસ 40 વર્ષ પછી ફરી શરૂ ........ 25
➤ APAAR : વન નેશન, વન સ્ટુડન્ટ આઈ.ડી. ........ 25
➤ REC લિમિટેડ ગોલ્ડન પીકોક એવોર્ડથી સન્માનિત ........ 26
➤ QUESTION ANSWERS ........ 28


**21 OCT-2023**



➤ દિવસ મહિમા : 21 ઓક્ટોબર, પોલીસ સ્મૃતિ દિવસ અથવા પોલીસ સ્મારક દિવસ ........ 29
➤ પ્રાદેશિક વ્યાપક આર્થિક ભાગીદારી (RCEP) ........ 29
➤ દેશની પ્રથમ રેપિડ ટ્રેન 'નમો ભારત' લોન્ચ ........ 30
➤ QUESTION ANSWERS ........ 33

ONE LINER ........ 34
QUESTION OF THIS WEEK ........ 38


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**દિવસ મહિમા : 15 ઓક્ટોબર, (1) વિશ્વ વિદ્યાર્થી દિવસ (World Student's Day)**
**(2) આંતરરાષ્ટ્રીય ગ્રામીણ મહિલા દિવસ (International Day of Rural Women)**
**(3) ગ્લોબલ હેન્ડવોશિંગ ડે**

## વિશ્વ વિદ્યાર્થી દિવસ



ભારતમાં ડો. એ.પી.જે અબ્દુલ કલામનો જન્મ દિવસ 15 ઓક્ટોબર 'વિશ્વ વિદ્યાર્થી દિવસ' તરીકે ઉજવાય છે.

- એવું કહેવાય છે કે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ 2010માં આ દિવસની ઉજવણીની જાહેરાત કરવામાં આવી હતી.
- પરંતુ વાસ્તવમાં યુનાઈટેડ નેશન્સ દ્વારા 'World Stundents Day' નામના કોઈ દિવસની ઉજવણી કરવામાં આવતી જ નથી.
- યુનાઈટેડ નેશન્સ દ્વારા 15 ઓક્ટોબરના રોજ ફક્ત 'International Day of Rural Women'ની જ ઉજવણી કરવામાં આવે છે, 'World Student's Day'ની નહીં.
- આ ઉપરાંત 15 ઓક્ટોબરના રોજ ફક્ત ભારતમાં જ 'વિશ્વ વિદ્યાર્થી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- દેશના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને મિસાઈલ મેન તરીકે જાણીતા ડો. એ.પી.જે. અબ્દુલ કલામનો જન્મ 15 ઓક્ટોબર, 1931ના રોજ તમિલનાડુના રામેશ્વરમ ખાતે થયો હતો.
- ડો. એ.પી.જે અબ્દુલ કલામનું પૂરું નામ 'અબુલ પાકિર જૈનુલાબ્દીન અબ્દુલ કલામ' હતું.
- મિસાઈલ ટેક્નોલોજીના ક્ષેત્રમાં અભૂતપૂર્વ યોગદાનના કારણે તેઓ 'મિસાઈલ મેન' તરીકે જાણીતા હતા.
- તેમણે ભારતના 11મા રાષ્ટ્રપતિ તરીકે વર્ષ 2002 થી 2007 સુધી સેવા આપી હતી.
- રાષ્ટ્ર નિર્માણના તેમના પ્રયત્નો બદલ તેમને 'ભારત રત્ન' (1997), 'પદ્મ ભૂષણ' (1981), 'પદ્મ વિભૂષણ' (1990)થી સન્માનિત કરવામાં આવ્યા છે.

## દક્ષિણ આફ્રિકાના ટોલ્સટોય ફાર્મમાં મહાત્મા ગાંધીજીની પ્રતિમાનું અનાવરણ



દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગ સ્થિત ટોલ્સટોય ફાર્મમાં મહાત્મા ગાંધીજીની આઠ ફૂટ ઊંચી પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું છે.

- મહાત્મા ગાંધીજીએ અહીંથી જ દક્ષિણ આફ્રિકામાં પોતાની વકીલાતની પ્રેક્ટિસ શરૂ કરી હતી.
- આ પ્રતિમા સંભવત : મહાત્મા ગાંધીજી જે સમયે દક્ષિણ આફ્રિકા છોડીને ગયા હતા તે સાથે મળતી આવે છે.
- આ પ્રતિમાના અનાવરણ પ્રસંગે દક્ષિણ આફ્રિકામાં ભારતના હાઈ કમિશનર શ્રી પ્રભાતકુમાર હાજર રહ્યા હતા.

નોંધ : (1) ટોલ્સટોય ફાર્મ એ મહાત્મા ગાંધીજી દ્વારા તેમના દક્ષિણ આફ્રિકાની ચળવળ દરમિયાન શરૂ કરાયેલ આશ્રમ હતો.

(2) 1910માં તેની રચના સમયે આશ્રમ ટ્રાન્સવાલમાં ભારતીયો સામેના ભેદભાવ સામે સત્યાગ્રહના અભિયાનના મુખ્ય મથક તરીકે સેવા આપતું હતું.

(3) આ ઉપરાંત આ ફાર્મનો ઉદ્દેશ સ્વ–સહાયક કૃષિ સમુદાય બનાવવાનો હતો જે મૂળભૂત જરૂરિયાતો પૂરી પાડે છે અને સખત શ્રમ દ્વારા વ્યક્તિગત વિકાસ અને આધ્યાત્મિક સમજણ પર ભાર મૂકે છે.

(4) આ આશ્રમનું નામ રશિયન લેખક અને તત્વજ્ઞાની લિયો ટોલ્સટોયના નામ પર રાખવામાં આવ્યું હતું.

## રાજકોટના સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમનું નવું નામ : નિરંજન શાહ સ્ટેડિયમ

રાજકોટના ખંઢેરી ખાતે સ્થિત સૌરાષ્ટ્ર ક્રિકેટ સ્ટેડિયમ (SCA)નું નામ બદલીને નિરંજન શાહ સ્ટેડિયમ કરવામાં આવ્યું છે.

- સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનની AGM બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.
- રાજકોટને સૌપ્રથમ આંતરરાષ્ટ્રીય મેચ અપાવવાનો ફાળો શ્રી નિરંજન શાહને જાય છે.
- આ સ્ટેડિયમને ખંઢેરી ક્રિકેટ સ્ટેડિયમ તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ સ્ટેડિયમમાં પ્રથમ મેચ વર્ષ 2013માં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે યોજાઈ હતી.
- આ સ્ટેડિયમમાં 28,000 પ્રેક્ષકોની બેઠક ક્ષમતા છે. તથા આ સ્ટેડિયમ રાજ્યનું સૌપ્રથમ સોલાર ઊર્જા સંચાલિત સ્ટેડિયમ છે.

નોંધ : (1) શ્રી નિરંજન શાહનો જન્મ 4 જૂન, 1944ના રોજ રાજકોટ ખાતે થયો હતો.

(2) શ્રી નિરંજન શાહ લગભગ ચાર દાયકા સુધી સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના સેક્રેટરી હતા. આ ઉપરાંત BCCIના સેક્રેટરી તરીકે પણ સેવા આપી હતી.

(3) તેમણે 1965-66 થી 1975-76 સીઝન સુધી સૌરાષ્ટ્ર માટે 12 ફર્સ્ટ ક્લાસ રમતો રમી હતી.

1. ભારતમાં 'વિશ્વ વિદ્યાર્થી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 13 ઓક્ટોબર (B) 14 ઓક્ટોબર (C) 15 ઓક્ટોબર (D) 16 ઓક્ટોબર (C)

2. ભારતમાં કોનો જન્મદિન 15 ઓક્ટોબર 'વિશ્વ વિદ્યાર્થી દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) ડો. રાજેન્દ્ર પ્રસાદ (B) ડો. એ.પી.જે.અબ્દુલ કલામ

(C) શ્રી લાલ બહાદૂર શાસ્ત્રી (D) શ્રી રવીન્દ્રનાથ ટાગોર (B)

3. યુનાઈટેડ નેશન્સ દ્વારા 'આંતરરાષ્ટ્રીય ગ્રામિણ મહિલા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 13 ઓક્ટોબર (B) 14 ઓક્ટોબર (C) 15 ઓક્ટોબર (D) 16 ઓક્ટોબર (C)

4. 'ગ્લોબલ હેન્ડવોશિંગ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 13 ઓક્ટોબર (B) 14 ઓક્ટોબર (C) 15 ઓક્ટોબર (D) 16 ઓક્ટોબર (C)

5. તાજેતરમાં ટોલ્સટોય ફાર્મમાં મહાત્મા ગાંધીજીની આઠ ફૂટ ઊંચી પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. તે કયા દેશમાં સ્થિત છે ?

(A) દક્ષિણ આફ્રિકા (B) અમેરિકા (C) ઈંગ્લેન્ડ (D) જર્મની (A)

6. રાજકોટના સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમનું નામ બદલીને નવું નામ શું આપવામાં આવ્યું છે ?

(A) શ્રી મોહમ્મદ માંકડ ક્રિકેટ સ્ટેડિયમ (B) શ્રી ઉચ્છંગરાય ઢેબર સ્ટેડિયમ

(C) શ્રી નિરંજન શાહ સ્ટેડિયમ (D) ત્રણેયમાંથી એકપણ નહીં (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 16 ઓક્ટોબર, (1) વિશ્વ ખાદ્ય દિવસ (World Food Day)
## (2) વિશ્વ એનેસ્થેસિયા દિવસ (World Anaesthesia Day)

### વિશ્વ ખાદ્ય દિવસ




સમગ્ર વિશ્વમાં ખાદ્ય સુરક્ષા તથા ખાદ્યની પહોંચ સુનિશ્ચિત કરવા માટે દર વર્ષે 16 ઓક્ટોબરના રોજ 'વિશ્વ ખાદ્ય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- 16 ઓક્ટોબર, 1945ના રોજ યુનાઈટેડ નેશન્સની 'Food and Agriculture Organization' નામની સંસ્થાની સ્થાપના થઈ હતી.
- આથી, આ દિવસની યાદમાં 16 ઓક્ટોબરના રોજ 'વિશ્વ ખાદ્ય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- વિશ્વ ખાદ્ય દિવસ 2023ની થીમ 'Water is Life, Water is Food. Leave no One Behind' છે.

## ગોવાના કાજુને GI ટેગ



તાજેતરમાં ગોવાના કાજુને GI ટેગ આપવામાં આવ્યો છે.

- જેને ગોવામાં કાજુ ઉદ્યોગ માટે મહત્ત્વની તક અને 'સ્વયંપૂર્ણ ગોવા મિશન તરફની સિદ્ધિ' તરીકે ગણવામાં આવે છે.
- કાજુ મૂળ લેટિન અમેરિકામાં ઉત્તરપૂર્વીય બ્રાઝિલમાં જોવા મળતા હતા. અને 16મી સદી (1570)માં પોર્ટુગીઝ દ્વારા ગોવામાં લાવવામાં આવ્યા હતા. આથી તેને 'ગોવા કાજુ' તરીકે ઓળખવામાં આવે છે.
- શરૂઆતમાં તેનો ઉપયોગ વનીકરણ અને ભૂમિ સંરક્ષણ માટે થતો હતો, તેનું આર્થિક મૂલ્ય એક સદી પછી જાણીતું બન્યું હતું.
- કાજુનું ઉત્પાદન કુટીર ઉદ્યોગમાંથી ગોવાની અર્થવ્યવસ્થામાં મુખ્ય ફાળો આપનાર તરીકે બન્યું છે. ખાસ કરીને અમેરિકામાં તેની ઊંચી માંગને કારણે.
- GI ટેગ માટેની અરજી ગોવા કાજુ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન દ્વારા સબમિટ કરવામાં આવી હતી.

## ભારતમાં કાજુ સંબંધિત મહત્ત્વપૂર્ણ તથ્ય

કાજુ એ ભારતમાં સૌથી મહત્ત્વપૂર્ણ પાક છે અને ઘણું વિદેશી હૂંડિયામણ કમાવવામાં મદદ કરે છે.

- તે ગોવા રાજ્યમાં બાગાયતી પાકોમાં સૌથી વધુ વિસ્તાર ધરાવે છે.
- સારી ડ્રેનેજવાળી એટલે કે જળ નિકાસ વાળી ઊંડી રેતાળ લોમ જમીન કાજુની ખેતી માટે શ્રેષ્ઠ છે.
- તેના માટે ભારે ચીકણી માટી યોગ્ય નથી કારણ કે કાજુ પાણીનો ભરાવો સહન કરી શકતુ નથી.
- સામાન્ય રીતે રેતાળથી લઈને લેટેરાઈટ સુધીની તમામ પ્રકારની જમીન આ પાક માટે યોગ્ય છે.
- સાપેક્ષ ભેજ 60 થી 95% અને 2000-3500 mmના વાર્ષિક વરસાદ સાથે ભારતીય દરિયાકાંઠાના વિસ્તારની સ્થિતિ કાજુના ઉત્પાદન માટે અનુકૂળ છે.
- 28 થી 38 ડિગ્રી સેલ્સિયસ વચ્ચેના તાપમાન સાથે ગરમ ભેજવાળી સ્થિતિ કાજુની ખેતી માટે યોગ્ય છે.
- નોંધનીય છે કે અત્યંત નીચું તાપમાન અને હિમ કાજુની ખેતી માટે યોગ્ય નથી.
- રાષ્ટ્રીય બાગાયત બોર્ડ અનુસાર મહારાષ્ટ્ર રાજ્ય 2021-22માં કાજુના ઉત્પાદનમાં અગ્રણી રહ્યું છે.
- ત્યારબાદ આંધ્રપ્રદેશ, ઓડિશા, તમિલનાડુ, કર્ણાટક, કેરળ, છત્તીસગઢ, પશ્ચિમ બંગાળ, મેઘાલય અને ગુજરાતનું સ્થાન આવે છે.

## માહિતી આયોગ : Report Card on the Performance of Information Commission in India

તાજેતરમાં સતર્ક નાગરિક સંગઠન (SNS)એ માહિતી અધિકાર (RTI) અધિનિયમ, 2005 હેઠળ 'Report Card on the Performance of Information Commissions in India 2022-23' બહાર પાડ્યું છે.

## રિપોર્ટ કાર્ડના મુખ્ય મુદ્દાઓ

આ રિપોર્ટમાં દર્શાવ્યા મુજબ મહારાષ્ટ્ર 1,15,524 પેન્ડિંગ અપીલ અને RTI જવાબમાં સૌથી ખરાબ પ્રદર્શન કરનાર રાજ્ય રહ્યું છે.

- બીજી સૌથી વધુ પડતર અરજીઓ કર્ણાટક (41,047)માં હતી.
- જ્યારે તમિલનાડુએ તેના માહિતી આયોગમાં કુલ પડતર અપીલ વિશે માહિતી આપવાનો ઈનકાર કર્યો હતો, નોંધનીય છે વર્ષ 2022માં તે સૌથી ખરાબ પ્રદર્શન કરનાર હતું.
- સમગ્ર દેશમાં 27 રાજ્ય માહિતી આયોગોમાં કુલ 3,21,537 અપીલો અને ફરિયાદો પડતર છે તથા બેકલોગ સતત વધી રહ્યો છે.

- વર્ષ 2019ના મૂલ્યાંકનમાં જાણવા મળ્યું છે કે 26 માહિતી આયોગમાં કુલ 2,18,347 અપીલ/ફરિયાદ પેન્ડિંગ હતી.
- જે વર્ષ 2021માં વધીને 2,86,325 થઈ અને ત્યારબાદ વર્ષ 2022માં ત્રણ લાખ થઈ ગઈ હતી.

નોંધ : (1) ચાર માહિતી આયોગ ઝારખંડ, તેલંગાણા, મિઝોરમ અને ત્રિપુરા નિષ્ક્રિય છે, કારણ કે પદ છોડ્યા બાદ ખાલી પડેલી જગ્યાઓ પર નવા માહિતી કમિશનરની નિમણૂક કરવામાં આવી નથી.

(2) છ માહિતી આયોગ મણિપુર, છત્તીસગઢ, મહારાષ્ટ્ર, બિહાર અને પંજાબ નેતૃત્વવિહીન છે.

(3) SNS એ એક બિન–સરકારી સંસ્થા (NGO) છે જે ભારતમાં પારદર્શિતા અને જવાબદારીને પ્રોત્સાહન આપવા માટે સમર્પિત છે.

## કેન્દ્રીય માહિતી આયોગ (CIC)

કેન્દ્રીય માહિતી આયોગ (Central Information Commission-CIC)ની સ્થાપના 12 ઓક્ટોબર, 2005ના રોજ કરવામાં આવી હતી.

- કેન્દ્રીય માહિતી આયોગની સ્થાપના માહિતી અધિકાર અધિનિયમ, 2005ની કલમ 12 અંતર્ગત કરવામાં આવી હતી.
- આથી, તે એક વૈધાનિક (Statutory) સંસ્થા છે.
- કેન્દ્રીય માહિતી આયોગમાં એક મુખ્ય માહિતી કમિશનર અને વધુમાં વધુ અન્ય 10 માહિતી કમિશનર હોય છે.
- કેન્દ્રીય માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનર અને અન્ય માહિતી કમિશનરની નિમણૂક એક સમિતિની ભલામણથી રાષ્ટ્રપતિ કરે છે.
- આ સમિતિ નીચે આપેલા સભ્યોની બનેલી હોય છે :

(1) વડાપ્રધાન (અધ્યક્ષ)

(2) લોકસભાના વિરોધપક્ષના નેતા (સભ્ય)

(3) વડાપ્રધાન દ્વારા નામાંકિત કેન્દ્રીય કેબિનેટ મંત્રી

## કાર્યકાળ

માહિતી અધિકાર (સંશોધન) અધિનિયમ, 2019 મુજબ મુખ્ય માહિતી કમિશનર અને અન્ય માહિતી કમિશનરનો કાર્યકાળ કેન્દ્ર સરકાર નક્કી કરે તે મુજબ રહેશે.

- કાર્યકાળ પૂરો થયા બાદ મુખ્ય માહિતી કમિશનર કે અન્ય માહિતી કમિશનરની પુનઃનિયુક્તિ થઈ શકે નહીં.

- પરંતુ અન્ય માહિતી કમિશનરની મુખ્ય માહિતી કમિશનર તરીકે નિમણૂક થઈ શકે છે. જેમનો કાર્યકાળ માહિતી કમિશનર અને મુખ્ય માહિતી કમિશનર તરીકે કુલ 5 વર્ષથી વધુ ન હોઈ શકે.

## શપથ

મુખ્ય માહિતી કમિશનર તથા અન્ય માહિતી કમિશનરે રાષ્ટ્રપતિ અથવા તેમના દ્વારા નિયુક્ત વ્યક્તિ સમક્ષ શપથ ગ્રહણ કરવાના હોય છે.

## રાજીનામુ

મુખ્ય માહિતી કમિશનર અથવા અન્ય માહિતી કમિશનર સ્વેચ્છાએ પોતાનું રાજીનામું રાષ્ટ્રપતિને આપી શકે છે.

- મુખ્ય માહિતી કમિશનર કે અન્ય માહિતી કમિશનરને તેમના કાર્યમાં નિષ્ફળતા અથવા ગેરવર્તણૂક બદલ રાષ્ટ્રપતિ દૂર કરી શકે છે.
- પરંતુ તેમને પદ પરથી રાષ્ટ્રપતિ ત્યારે જ દૂર કરે છે જ્યારે સર્વોચ્ચ ન્યાયાલય તેમના કાર્યોની સમીક્ષા કરી રિપોર્ટ દ્વારા પદ પરથી દૂર કરવાની ભલામણ કરે છે.
- આ ઉપરાંત રાષ્ટ્રપતિ મુખ્ય માહિતી કમિશનર અને અન્ય માહિતી કમિશનરને નીચેની બાબતોના આધારે પણ પદ પરથી હટાવી શકે છે :

(a) જો તેમને નાદાર જાહેર કરવામાં આવે.

(b) જો તેમને એવા અપરાધ માટે દોષી જાહેર કરાયા હોય જે રાષ્ટ્રપતિની નજરમાં નૈતિક ભ્રષ્ટાચારની શ્રેણીમાં આવતા હોય.

(c) જો કાર્યકાળ દરિમયાન અન્ય સવેતન નોકરી કે ધંધો કરતા હોય.

(d) રાષ્ટ્રપતિના અભિપ્રાયમાં માનસિક કે શારીરિક રીતે અસક્ષમ હોવાને કારણે પદ પર રહેવા યોગ્ય ન હોય.

(e) જો તેમણે એવા આર્થિક કે અન્ય હિત પ્રાપ્ત કરેલા હોય જેનાથી મુખ્ય માહિતી કમિશનર કે અન્ય માહિતી કમિશનરના રૂપમાં ફરજો પર પ્રતિકૂળ પ્રભાવ પડવાની સંભાવના હોય.

નોંધ : (1) માહિતી અધિકાર અધિનિયમ, 2005 અંતર્ગત કેન્દ્રીય માહિતી આયોગ ઉપરાંત રાજ્ય માહિતી આયોગની રચનાની પણ જોગવાઈ કરવામાં આવી છે.

(2) રાજ્ય માહિતી આયોગમાં એક મુખ્ય માહિતી કમિશનર અને વધુમાં અન્ય 10 માહિતી કમિશનર હોય છે. તેમની નિમણૂક રાજ્યપાલ એક સમિતિની ભલામણથી કરે છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## લોસ એન્જલસ ઓલિમ્પિકમાં ક્રિકેટ સહિત નવી ગેમ્સ સામેલ




ઈન્ટરનેશનલ ઓલિમ્પિક સમિતિ (IOC)એ મુંબઈ ખાતે પોતાના સેશનમાં 2028ની લોસ એન્જલસ ઓલિમ્પિકમાં ક્રિકેટ સહિત પાંચ નવી ગેમ્સને સામેલ કરવાની મંજૂરી આપી છે.

- આ નવી પાંચ રમતોમાં ક્રિકેટ, બેઝબોલ/સોફ્ટબોલ, ફ્લેગ ફૂટબોલ, લેક્રોસ અને સ્કવોશનો સમાવેશ થશે.
- ઓલિમ્પિકમાં ક્રિકેટનું ઘણા વર્ષો બાદ પુનરાગમન થશે.
- ક્રિકેટને વૈશ્વિક રમત બનાવવાની દિશામાં આ મહત્ત્વપૂર્ણ પગલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE



1. 'વિશ્વ ખાદ્ય દિવસ' અથવા 'World Food Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 15 ઓક્ટોબર (B) 16 ઓક્ટોબર (C) 17 ઓક્ટોબર (D) 18 ઓક્ટોબર **(B)**

2. 'વિશ્વ ખાદ્ય દિવસ' (World Food Day) 2023 ની થીમ શું હતી ?
(A) Grow, Nourish, Sustain Together
(B) Safe Food Now for a Healthy Tomorrow
(C) Water is Life, Water is Food. Leave no one Behind
(D) Youth Against Hunger **(C)**

3. 'વિશ્વ એનેસ્થેનિયા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 15 ઓક્ટોબર (B) 16 ઓક્ટોબર (C) 17 ઓક્ટોબર (D) 18 ઓક્ટોબર **(B)**

4. ઓક્ટોબર, 2023માં નીચેના પૈકી કયા રાજ્યના કાજુને GI ટેગ મળ્યો છે ?
(A) ગોવા (B) હરિયાણા (C) હિમાચલ પ્રદેશ (D) ઉત્તરપ્રદેશ **(A)**

5. તાજેતરમાં સતર્ક નાગરિક સંગઠન (SNS)એ RTI અધિનિયમ, 2005 હેઠળ 'Report Card on the Performance of Information Commitions in India 2022-23' બહાર પાડ્યો છે. આ રિપોર્ટ કાર્ડ અનુસાર કયું રાજ્ય પેન્ડિંગ અપીલ અને RTI જવાબમાં સૌથી ખરાબ પ્રદર્શન કરનાર રાજ્ય રહ્યું છે ?
(A) મહારાષ્ટ્ર (B) ગુજરાત (C) પંજાબ (D) હરિયાણા **(A)**

6. 'કેન્દ્રીય માહિતી આયોગ' (CIC) વિશે નીચેના પૈકી કયા વિધાન સાચાં છે ?
1. તે એક વૈધાનિક સંસ્થા છે.
2. તેની સ્થાપના વર્ષ 2005માં કરવામાં આવી હતી.
3. તેમાં એક મુખ્ય માહિતી કમિશનર અને વધુમાં વધુ અન્ય 10 માહિતી કમિશનર હોય છે.
યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) માત્ર 1 અને 3 (B) માત્ર 1 અને 2
(C) માત્ર 2 (D) 1, 2 અને 3 **(D)**

7. લોસ એન્જલસ ઓલિમ્પિક-2028માં નીચેના પૈકી કઈ નવી રમતનો સમાવેશ કરવામાં આવ્યો છે ?
1. ક્રિકેટ 2. બેઝબોલ/સોફ્ટબોલ 3. ફ્લેગ ફૂટબોલ
4. લેક્રોસ 5. સ્કવોશ
યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) માત્ર 1 અને 3 (B) માત્ર 1, 2 અને 5
(C) 1, 2, 3, 4 અને 5 (D) માત્ર 1 અને 5 **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 17 ઓક્ટોબર, (1) વિશ્વ ગરીબી નાબૂદ દિન (International Day for the Eradication of Poverty)
## (2) ડિજિટલ સોસાયટી દિવસ (Digital Society Day)

### વિશ્વ ગરીબી નાબૂદ દિન

સમગ્ર વિશ્વમાં ગરીબી નાબૂદી માટે થતા પ્રયાસોને પ્રોત્સાહન આપવા માટે તથા એ અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે 17 ઓક્ટોબરના રોજ 'વિશ્વ ગરીબી નાબૂદી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- યુનાઈટેડ નેશન્સ દ્વારા 22 ડિસેમ્બર, 1992ના રોજ આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- તાજેતરમાં UNDP અને OPHI દ્વારા બહાર પાડવામાં આવેલા 'વૈશ્વિક બહુપરીમાણીય ગરીબી સૂચકાંક' અનુસાર વૈશ્વિક સ્તરે 1.1 અબજ લોકો બહુપરીમાણીય ગરીબીમાં આવે છે.
- વિશ્વ ગરીબી નાબૂદ દિન 2023ની થીમ 'Decent Work and Social Protection : Putting Dignity in Practice for All' છે.

### ડિજિટલ સોસાયટી દિવસ

ભારતમાં 17 ઓક્ટોબર, 2000ના રોજ 'Information Technology Act, 2000' અમલમાં મૂકવામાં આવ્યો હતો.

- આથી, આ દિવસની યાદમાં ભારતમાં દર વર્ષે 17 ઓક્ટોબરના રોજ 'ડિજિટલ સોસાયટી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## RITES લિમિટેડ અને IRCONને નવરત્નનો દરજ્જો



નાણા મંત્રાલયે રેલવે મંત્રાલય હેઠળના બે કેન્દ્રીય જાહેર ક્ષેત્રના સાહસો 'ઈરકોન ઈન્ટરનેશનલ લિમિટેડ' (IRCON) અને 'રાઈટ્સ લિમિટેડ' (RITES)ને પ્રતિષ્ઠિત 'નવરત્ન'નો દરજ્જો આપ્યો છે.

- RITES એ ભારતની અગ્રણી ટ્રાન્સપોર્ટેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર કન્સલ્ટીંગ અને એન્જિનિયરિંગ કંપની છે.
- તે પરિવહનના વિવિધ ક્ષેત્રોમાં સેવાઓ પ્રદાન કરે છે, જેમ કે રેલવે, હાઈવે, એરપોર્ટ વગેરેમાં સેવા આપે છે.

- કેન્દ્ર સરકાર (રેલવે મંત્રાલય)એ કંપની અધિનિયમ, 1956 મુજબ વર્ષ 1976માં IRCONનો સમાવેશ કર્યો હતો, જે અગાઉ ભારતીય રેલવે કન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ તરીકે ઓળખાતું હતું.
- તે એક અગ્રણી જાહેર ક્ષેત્રની બાંધકામ કંપની તરીકે કામ કરે છે.
- IRCON 47 વર્ષના અનુભવ સાથે રેલવે, હાઈવે અને હાઈ–ટેન્શન સબસ્ટેશન એન્જિનિયરીંગ અને બાંધકામમાં નિષ્ણાત છે.

**નોંધ :** (1) ભારતમાં નવરત્ન કંપનીઓ એ જાહેર ક્ષેત્રના સાહસો (CPSE)નું એક જૂથ છે. જેણે વૈશ્વિક બજારમાં સ્પર્ધા કરવા માટે નાણાકીય સ્વાયત્તતા અને સ્થિતિસ્થાપકતામાં વધારો કર્યો છે.

(2) તેમને અમુક વિશેષાધિકારો આપવામાં આવ્યા છે, જેમ કે સરકારની સ્પષ્ટ મંજૂરી વિના રૂ.1000 કરોડ સુધીનું રોકાણ.

(3) નવરત્નનો દરજ્જો સૌપ્રથમ વર્ષ 1997માં રજૂ કરવામાં આવ્યો હતો. હાલમાં ભારતમાં 16 નવરત્ન કંપનીઓ છે.

(4) નવરત્નનો દરજ્જો હાંસલ કરવા માટે કંપનીને શરૂઆતમાં મિનીરત્ન કેટેગરીમાં સામેલ કરવું આવશ્યક છે. અને ચોખ્ખો નફો, નેટવર્થ, શેર દીઠ કમાણી અને મેટ્રિક્સ જેવા છ પર્ફોમન્સ પેરામિટર્સમાં 60 કે તેથી વધુ (100માંથી) સ્કોર પ્રાપ્ત કરવો આવશ્યક છે.

## સજાતીય લગ્નોને માન્યતા નહીં : સુપ્રીમ કોર્ટ

તાજેતરમાં સુપ્રીમ કોર્ટે સમલૈંગિક લગ્ન અથવા સજાતીય લગ્નોને કાયદેસર બનાવવા માટેની અરજીઓ ફગાવીને એક ચૂકાદો આપ્યો છે.

- જેમાં સજાતીય લગ્નોને કાનૂની માન્યતા આપવા સુપ્રીમ કોર્ટે ઈનકાર કર્યો છે.
- સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ શ્રી ડી.વાય.ચંદ્રચુડની અધ્યક્ષતાવાળી પાંચ જજોની બંધારણીય બેન્ચે આ બાબતનો નિર્ણય લીધો હતો.
- આ મુદ્દાને સંપૂર્ણ રીતે તપાસવા માટે સ્પેશિયલ મેરેજ એક્ટ, 1954ની જોગવાઈઓ પર ઊંડાણપૂર્વક તપાસ કરી છે, જે સમલૈંગિકતા સાથે સંકલન અને આંતરસંબંધ ધરાવે છે.
- ભારતના મુખ્ય ન્યાયાધીશની આગેવાની હેઠળની સુપ્રીમ કોર્ટની પાંચ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચે સમલૈંગિક લગ્નની બંધારણીય માન્યતા માટે 3:2 મત આપ્યો હતો.
- મુખ્ય ન્યાયાધીશે તેમના અભિપ્રાયમાં નિષ્કર્ષ આપ્યો કે ન તો સ્પેશિયલ મેરેજ એક્ટ, 1954ને અમાન્ય કરી શકે છે અને ન તો તેમના દાયરામાં સમલૈંગિક સભ્યોનો સમાવેશ કરવા માટે તેમાં જોગવાઈઓ ઉમેરી શકે છે.

- સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે આ અંગે કાયદો બનાવવાની જવાબદારી સંસદ અને રાજ્ય વિધાનસભાની છે.
- આ અગાઉ સુપ્રીમ કોર્ટે 'નાગરિક સંઘ' (Civil Union) અંગે સુનાવણી કરી હતી.

## સમલૈંગિક લગ્નની તરફેણમાં દલીલો

- તમામ વ્યક્તિઓને તેમના જાતીય અભિગમને ધ્યાનમાં લીધા વિના લગ્ન કરવાનો અને કુટુંબ રાખવાનો અધિકાર છે.
- સમલિંગી યુગલોને વિજાતીય યુગલો જેવા જ કાનૂની અધિકારો અને રક્ષણ મળવા જોઈએ.
- લગ્ન યુગલો અને તેમના પરિવારોને સામાજિક અને આર્થિક લાભો પ્રદાન કરે છે જે સમલિંગી યુગલોને પણ લાભ કરશે.
- ભારતના મુખ્ય ન્યાયાધીશએ સ્વીકાર્યુ કે સહવાસ એ મૂળભૂત અધિકાર છે અને આવા સંબંધોની સામાજિક અસરને કાયદાકીય રીતે ઓળખવાની સરકારની જવાબદારી છે.
- વિશ્વના ઘણા દેશોમાં સમલૈંગિક લગ્ન કાયદેસર છે અને લોકશાહી સમાજમાં વ્યક્તિઓને આ અધિકારનો ઈનકાર કરવો એ વૈશ્વિક સિદ્ધાંતોની વિરુદ્ધ છે. હાલ 32 જેટલા દેશોમાં સમલૈંગિક લગ્ન કાયદેસર છે.

## સમલૈંગિક લગ્નની વિરુદ્ધમાં દલીલો

- ઘણા ધાર્મિક અને સાંસ્કૃતિક જૂથો માને છે કે લગ્ન ફક્ત એક પુરુષ અને સ્ત્રી વચ્ચે જ હોવા જોઈએ.
- તેઓ દલીલ કરે છે કે લગ્નની પરંપરાગત વ્યાખ્યા બદલવી એ તેમની માન્યતાઓ અને મૂલ્યોના મૂળ સિદ્ધાંતોની વિરુદ્ધ જશે.
- એવી ચિંતાઓ છે કે સમલૈંગિક લગ્નને મંજૂરી આપવાથી વારસા, કર અને મિલકતના અધિકારના મુદ્દાઓ જેવી કાનૂની સમસ્યાઓ ઉભી થશે.
- કેટલાક લોકો દલીલ કરે છે કે સમલૈંગિક લગ્નને સમાવવા માટે તમામ કાયદા અને નિયમોમાં ફેરફાર કરવો ખૂબ મુશ્કેલ હશે.

## નાગરિક સંઘ

'નાગરિક સંઘ' અથવા 'સિવિલ યુનિયન' એ એક કાનૂની દરજ્જો છે. જે સમલૈંગિક યુગલોને સમાન અધિકારો અને જવાબદારી આપે છે જે સામાન્ય રીતે પરણિત યુગલોને આપવામાં આવે છે.

- નાગરિક યુનિયનોને વારસાના અધિકારો, મિલકતના અધિકારો, માતાપિતાના અધિકારો, જીવનસાથીઓને રોજગારના લાભો, કોઈના જીવનસાથી સામે જુબાની આપવાથી દૂર રહેવાનો સંયુક્ત વાલીપણાનો અધિકાર જેવા અધિકારો સાથે હશે–જે ભારતીય પુરાવા અધિનિયમની કલમ 122 હેઠળ આપવામાં આવેલા જીવનસાથી વિશેષાધિકારની જેમ જ છે.

## નાગરિક સંઘ અને લગ્ન વચ્ચેનો તફાવત

નાગરિક સંઘ અથવા સિવિલ યુનિયન એ લગ્ન જેવી કાનૂની મંજૂરી છે જે સામાન્ય રીતે સમાન લિંગની બે વ્યક્તિઓને આપવામાં આવે છે.

- લગ્ન એ કાયદા દ્વારા માન્યતા પ્રાપ્ત ધાર્મિક સંસ્થા છે જે બે વ્યક્તિઓ (પુરુષ અને સ્ત્રી)ને લગ્ન કરવાની મંજૂરી આપે છે.
- સમલૈંગિક લગ્ન, લગ્નની ધર્મ–આધારિત વ્યાખ્યાના કાર્યક્ષેત્રની બહાર છે. તેથી નાગરિક સંઘ એ એક સાધન છે જે યુગલોને સમાન કાનૂની રક્ષણ પૂરું પાડવા માટે રચાયેલ છે જેઓ સમલિંગી લગ્ન પસંદ કરે છે.



1. 'વિશ્વ ગરીબી નાબૂદી દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 14 ઓક્ટોબર (B) 15 ઓક્ટોબર (C) 16 ઓક્ટોબર (D) 17 ઓક્ટોબર **(D)**

2. 'ડિજિટલ સોસાયટી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 14 ઓક્ટોબર (B) 15 ઓક્ટોબર (C) 16 ઓક્ટોબર (D) 17 ઓક્ટોબર **(D)**

3. તાજેતરમાં રેલવે મંત્રાલય હેઠળના કયા બે કેન્દ્રીય જાહેર ક્ષેત્રના સાહસો (CPSE)ને નવરત્નનો દરજ્જો આપવામાં આવ્યો છે ?

(A) IRCON અને RITES (B) SECL અને MMTC

(C) MDL અને NFDC (D) BBNL અને HFCL **(A)**

4. તાજેતરમાં સુપ્રીમ કોર્ટે સજાતીય લગ્ન સંબંધિત એક ચૂકાદો આપ્યો હતો. આ ચૂકાદા વિશે નીચેના વિધાન પર વિચાર કરી સાચો વિકલ્પ પસંદ કરો :

1. સજાતીય લગ્નને માન્યતા આપવા સુપ્રીમ કોર્ટે સ્પેશિયલ મેરેજ એક્ટ, 1954ની કલમ 76(A)માં સુધારો કર્યો હતો.

2. સુપ્રીમ કોર્ટે સજાતીય લગ્નોને કાનૂની માન્યતા આપવાનો ઈનકાર કર્યો છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## કૃષ્ણા જળ વિવાદ (Krishna Water Dispute)



તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટે તેલંગણા અને આંધ્રપ્રદેશ રાજ્ય વચ્ચે નિર્ણય લેવા માટે 'આંતર રાજ્ય નદી જળ વિવાદ અધિનિયમ (ISR WD), 1956' હેઠળ હાલના 'કૃષ્ણા જળ વિવાદ ટ્રિબ્યુનલ-II (KWDT-II)' માટે અન્ય સંદર્ભ શરતોને મંજૂરી આપી છે.

- આંતર રાજ્ય નદી જળ વિવાદ અધિનિયમ, 1956 (ISR WD, 1956)ની કલમ 3 હેઠળ એપ્રિલ 2004માં કેન્દ્ર સરકાર દ્વારા કૃષ્ણા નદી સંબંધિત પાણી–વિતરણ/નિયંત્રણ વિવાદોનો નિર્ણય કરવા અને ઉકેલ લાવવા માટે કૃષ્ણા જળ વિવાદ ટ્રિબ્યુનલ–IIની રચના કરવામાં આવી હતી.
- તેની રચના મહારાષ્ટ્ર, કર્ણાટક અને આંધ્રપ્રદેશ વચ્ચે કૃષ્ણા નદીના પાણી–વિતરણ અથવા નિયંત્રણ વિવાદને ઉકેલવા માટે કરવામાં આવી હતી.
- KWDT-IIએ પાણીની ઉપલબ્ધતા, રાજ્યોને તેનો પુરવઠો અને અન્ય સંબંધિત પરિબળોના આધારે કૃષ્ણા નદીના પાણીની ભલામણ અને ફાળવણી કરી હતી.

### કૃષ્ણા જળ વિવાદ

કૃષ્ણા જળ વિવાદ મહારાષ્ટ્ર, કર્ણાટક, તેલંગણા અને આંધ્રપ્રદેશ રાજ્યો વચ્ચે કૃષ્ણા નદીના પાણીના સમાન વિતરણ પર કેન્દ્રિત છે.

- કૃષ્ણા નદી આ રાજ્યોમાંથી વહે છે અને વિવાદ સર્જાવાના મુખ્ય કારણો રાજ્યોની વિવિધ જરૂરિયાતો, ઐતિહાસિક તફાવતો તથા રાજકીય અને વહીવટી લેન્ડસ્કેપમાં થયેલા ફેરફારો છે.
- આંધ્રપ્રદેશમાં કૃષ્ણા નદી પર આવેલો શ્રીશૈલમ ડેમ વિવાદનું મુખ્ય કેન્દ્ર છે.
- આંધ્રપ્રદેશે તેલંગણા દ્વારા વીજ ઉત્પાદન માટે શ્રીશૈલમ ડેમના પાણીનો ઉપયોગ કરવાનો વિરોધ કર્યો હતો.
- નોંધનીય છે કે આ વિવાદ વર્ષ 1956માં આંધ્રપ્રદેશની રચના સમયથી છે. અને વર્ષ 1973માં કૃષ્ણા વોટર ડિસ્પ્યુટ ટ્રિબ્યુનલ (KWDT) દ્વારા ઉકેલવામાં આવ્યો હતો.
- ત્યારબાદ કૃષ્ણા નદીના પાણીની પુનઃફાળવણી કરવા માટે વર્ષ 2004માં બીજી કૃષ્ણા જળ વિવાદ ટ્રિબ્યુનલની સ્થાપના કરવામાં આવી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- વર્ષ 2010માં દ્વિતીય કૃષ્ણા જળ વિવાદ ટ્રિબ્યુનલ દ્વારા સુપરત કરાયેલ અહેવાલમાં કૃષ્ણા નદીના પાણીની ફાળવણી તેના પર 65% નિર્ભરતા અને વધારાના પ્રવાહ માટે નીચે મુજબ હતી :
  (1) મહારાષ્ટ્ર માટે 81 હજાર મિલિયન ક્યુબિક (TMC) ફીટ,
  (2) કર્ણાટક માટે 177 TMC અને
  (3) આંધ્રપ્રદેશ માટે 190 TMC
- વર્ષ 2011માં આંધ્રપ્રદેશે સ્પેશિયલ લીવ પિટિશન સહિત કાનૂની કાર્યવાહી દ્વારા KWDT દ્વારા કરાયેલી ફાળવણીને સુપ્રીમ કોર્ટ સમક્ષ પડકારી હતી.
- 2013માં KWDTએ બીજો અહેવાલ બહાર પાડ્યો હતો જેને 2014માં આંધ્રપ્રદેશ દ્વારા ફરીથી સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો.
- ત્યારબાદ વર્ષ 2014માં તેલંગાણા રાજ્યની રચના બાદ આંધ્રપ્રદેશે ચાર રાજ્યો વચ્ચે પાણીના ફાળવણીની સમીક્ષા માંગી હતી.
- મહારાષ્ટ્ર અને કર્ણાટકની દલીલ હતી કે આંધ્રપ્રદેશના વિભાજન બાદ તેલંગાણાની રચના કરવામાં આવી હતી. આથી, પાણીની ફાળવણી આંધ્રપ્રદેશના હિસ્સામાંથી થવી જોઈએ, જેને કોર્ટે માન્ય રાખી હતી.

નોંધ : (1) ભારતીય બંધારણનો અનુચ્છેદ 262 આંતર–રાજ્ય જળ વિવાદોના નિર્ણયની જોગવાઈ કરે છે, જે સંસદને આ હેતુ માટે કાયદો બનાવવાની મંજૂરી આપે છે.

(2) આંતરરાજ્ય જળ વિવાદ અધિનિયમ, 1956 કેન્દ્ર સરકારને રાજ્યો વચ્ચેના પાણીના વિવાદોને ઉકેલવા માટે એડ–હોક ટ્રિબ્યુનલની સ્થાપના કરવાની સત્તા આપે છે.

## કૃષ્ણા નદી

કૃષ્ણા નદીનું ઉદગમ સહ્યાદ્રિ શ્રેણીમાં આવેલા મહાબળેશ્વર નજીક 1387 મીટર ઊંચાઈએ આવેલા એક ઝરણામાંથી થાય છે.

- કૃષ્ણા નદી પૂર્વ દિશામાં વહેતી દ્વીપકલ્પીય પ્રદેશની બીજા નંબરની લાંબી નદી છે.
- કૃષ્ણા નદીની સહાયક નદીમાં ભીમા, તુંગભદ્રા, કોયના, પંચગંગા, દૂધગંગા, ઘાટપ્રભા, માલપ્રભા, મુસી, ડિન્ડિ, પોલેર, મુનેરૂ વગેરે છે.
- કૃષ્ણા નદીને કૃષ્ણાવેલી તરીકે પણ ઓળખવામાં આવે છે.

JOIN WhatsApp Group/joinicerajkot.com CLICK HERE icerajkot

- નાગાર્જુન સાગર અને શ્રીશૈલમ કૃષ્ણા નદી પર આવેલા મુખ્ય બંધ છે જ્યારે ધુમડેમ, અલપાતી ડેમ, નારાયણ પુરડેમ, જુરાલા ડેમ, પુલીચીંથાલા ડેમ, અમર ડેમ, કનુર ડેમ વગેરે આ નદી પર બંધાયેલા અન્ય ડેમ છે.
- કૃષ્ણા નદીની કુલ લંબાઈ આશરે 1401 કિ.મી. છે.
- મુસી નદીના કિનારે હૈદરાબાદ આવેલ છે.
- કૃષ્ણા નદીની સૌથી મોટી સહાયક નદી તુંગભદ્રા છે.
- કૃષ્ણાનદી ભારતના મહારાષ્ટ્ર, કર્ણાટક, તેલંગાણા અને આંધ્રપ્રદેશ રાજ્યમાંથી વહી બંગાળની ખાડીને મળે છે.






## ભારતના મુખ્ય આંતર રાજ્ય જળ વિવાદોની યાદી

| નદી | વિવાદમાં રહેલા રાજ્યો | ટ્રિબ્યુનલ | ટ્રિબ્યુનલની રચનાનું વર્ષ |
|---|---|---|---|
| રવિ અને બિયાસ | પંજાબ, હરિયાણા, રાજસ્થાન | રવિ અને બિયાસ વોટર ટ્રિબ્યુનલ | 1986 |
| કૃષ્ણા | મહારાષ્ટ્ર, તેલંગાણા, આંધ્રપ્રદેશ, કર્ણાટક | કૃષ્ણા જળ વિવાદ ટ્રિબ્યુનલ-II | 2004 |
| વંશધારા | ઓડિશા, આંધ્રપ્રદેશ | વંશધારા જળ વિવાદ ટ્રિબ્યુનલ | 2010 |
| મહાદયી/માંડોવી | મહારાષ્ટ્ર, ગોવા, કર્ણાટક | મહાદાયી જળ વિવાદ ટ્રિબ્યુનલ | 2010 |
| મહાનદી | છત્તીસગઢ, ઓડિશા | મહાનદી જળ વિવાદ ટ્રિબ્યુનલ | 2018 |
| કાવેરી | કેરળ, કર્ણાટક, તમિલનાડુ, પુડુચેરી | કાવેરી જળ વિવાદ ટ્રિબ્યુનલ | 1990 |
| ગોદાવરી | મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, કર્ણાટક મધ્યપ્રદેશ, ઓડિશા | ગોદાવરી જળ વિવાદ ટ્રિબ્યુનલ | 1969 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** મધ્યપ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાન વચ્ચે નર્મદા નદીને લઈને જળવિવાદ થયો હતો.

## સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના




તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શહેરી વિકાસને આગળ વધારવા અને નાગરિકોની સુખાકારીમાં સુધારો કરવા માટે એક મહત્ત્વપૂર્ણ પગલું ભરતા 'સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના'ને વધારાના ત્રણ વર્ષ માટે લંબાવી છે.

- આથી, 'સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના' હવે 2024-25 થી 2026-27 સુધી અમલમાં રહેશે.

- **2009-10માં** તત્કાલીન મુખ્યમંત્રી અને ભારતના હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની સ્થાપનાના 50માં વર્ષની ઉજવણી માટે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની શરૂઆત કરી હતી.
- આ યોજનાનો પ્રાથમિક ઉદ્દેશ્ય તેના રહેવાસીઓની માળખાકીય જરૂરિયાતોને પૂરી કરીને રાજ્યમાં વધી રહેલા શહેરીકરણને સંબોધવાનો હતો.
- આ કાર્યક્રમ વરસાદી પાણીની ડ્રેનેજ, જળ સંરક્ષણ અને તળાવ બ્યુટીફિકેશન પહેલ, શહેરી રોડવર્ક, પાણી પુરવઠો, ગટર વ્યવસ્થા અને સ્ટ્રીટ લાઈટિંગ પ્રોજેક્ટ્સ સહિત ભૌતિક માળખાકીય પ્રોજેક્ટ્સની શ્રેણી માટે શહેરો અને નગરોને અનુદાનનો વિસ્તાર કરે છે.
- વધુમાં શહેરી આરોગ્ય કેન્દ્રો, હોસ્પિટલો, આંગણવાડીઓ, પુસ્તકાલયો અને રમતગમત સંકુલ સહિતની સામાજિક માળખાકીય સુવિધાઓનો પણ પ્રોજેક્ટના કાર્યક્ષેત્રમાં સમાવેશ કરવામાં આવ્યો છે.
- આ ઉપરાંત આ યોજના શહેરી ગતિશીલતાના સેગમેન્ટમાં, શહેરી બસ સેવાઓ, ટ્રાફિક વ્યવસ્થાપન, રેલવે ઓવરબ્રિજ, અન્ડરપાસ, રિંગ રોડ, ફલાયઓવર અને સબવે સહિત વિવિધ પ્રોજેક્ટ્સ શરૂ કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'કૃષ્ણા જળ વિવાદ' (Krishna Water Dispute) વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

   1. આ જળ વિવાદ મહારાષ્ટ્ર, કર્ણાટક, તેલંગણા અને આંધ્રપ્રદેશ રાજ્યો વચ્ચે કૃષ્ણા નદીના પાણીના સમાન વિતરણ પર કેન્દ્રિત છે.
   2. કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ 2004માં કૃષ્ણા નદી સંબંધિત વિવાદનો ઉકેલ લાવવા માટે 'કૃષ્ણા જળ વિવાદ ટ્રિબ્યુનલ-II'ની રચના કરવામાં આવી હતી.
   3. કૃષ્ણા જળ વિવાદ ટ્રિબ્યુનલ-IIની ભલામણ અનુસાર વર્ષ 2019માં તેલંગણાને સૌથી વધુ પાણીનો હિસ્સો મળે છે.

   યોગ્ય વિકલ્પ પસંદ કરો

   (A) માત્ર 1 અને 2 (B) માત્ર 1
   (C) માત્ર 1 અને 3 (D) 1, 2 અને 3 **(A)**

2. 'વંશધરા નદી જળવિવાદ' કયા બે રાજ્ય સાથે સંબંધિત છે ?

   (A) કેરળ–કર્ણાટક (B) પંજાબ–હરિયાણા
   (C) ઓડિશા–આંધ્રપ્રદેશ (D) છત્તીસગઢ–ઓડિશા **(C)**

3. 'મહાનદી જળ વિવાદ' કયા રાજ્ય સાથે સંબંધિત છે ?

   (A) છત્તીસગઢ–તેલંગણા (B) છત્તીસગઢ–ઓડિશા
   (C) મહારાષ્ટ્ર–કર્ણાટક (D) કેરળ–કર્ણાટક **(B)**

4. તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 'સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના' કેટલા વર્ષ માટે લંબાવી છે ?

   (A) એક (B) બે (C) ત્રણ (D) પાંચ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 19 ઓક્ટોબર, મનુષ્ય ગૌરવ દિન (પુજ્ય પાંડુરંગ શાસ્ત્રી આઠવલે જન્મદિન)

## IndiaSkill 2023-24

કેન્દ્રીય શિક્ષણ અને કૌશલ્ય વિકાસ અને સાહસિકતા મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાન દ્વારા નવી દિલ્હીના કૌશલ ભવન ખાતે આયોજિત એક કાર્યક્રમમાં 'ઈન્ડિયા સ્કીલ્સ 2023-24'ની સત્તાવાર રીતે શરૂઆત કરવામાં આવી હતી.



- આ ઉપરાંત 'વિશ્વ કૌશલ્ય સ્પર્ધા' (WSC) 2022ના વિજેતાઓને સન્માનિત કર્યા હતા.

### ઈન્ડિયા સ્કીલ્સ 2023-24

ઈન્ડિયા સ્કીલ્સ 2023-24 એ એક કૌશલ્ય વિકાસ સ્પર્ધા છે.

- જેનો ઉદ્દેશ્ય વિવિધ ક્ષેત્રોમાં વ્યક્તિઓના કૌશલ્યને પ્રોત્સાહિત કરવાનો અને વધારવાનો છે. તથા તેમને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કૌશલ્ય સ્પર્ધાઓ માટે તૈયાર કરવાનો છે.
- ઈન્ડિયા સ્કીલ્સ પ્રસિદ્ધ વિશ્વ કૌશલ્ય સ્પર્ધામાં પગથિયા તરીકે કામ કરે છે.
- ઈન્ડિયા સ્કીલ્સ એ વિશ્વ કૌશલ્ય સ્પર્ધાની પુરોગામી છે.
- રાષ્ટ્રીય સ્તરે ઈન્ડિયા સ્કીલ્સમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનારા સહભાગીઓ વૈશ્વિક ઈવેન્ટમાં ભાગ લે છે.

નોંધ : (1) વર્લ્ડ સ્કીલ્સ ઈન્ટરનેશનલ દ્વારા આયોજિત વિશ્વ કૌશલ્ય સ્પર્ધા દ્વિવાર્ષિક ધોરણે યોજવામાં આવે છે અને તેમાં 86 સભ્ય દેશો સામેલ છે.

(2) વિશ્વ કૌશલ્ય સ્પર્ધા 2022માં ભારતે 50 કૌશલ્યમાં ભાગ લીધો હતો અને 2 સિલ્વર મેડલ, 3 બ્રોન્ઝ મેડલ અને 13 મેડલ ફોર એક્સેલેન્સ સાથે 11મું સ્થાન મેળવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગ્લોબલ મેરીટાઈમ ઈન્ડિયા સમિટ 2023

17 ઓક્ટોબરના રોજ આયોજિત વર્ચ્યુઅલ સમારોહમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'ગ્લોબલ મેરીટાઈમ ઈન્ડિયા સમિટ 2023'ની ત્રીજી આવૃત્તિનું ઉદ્‌ઘાટન કર્યુ હતું.

- મુંબઈમાં આયોજિત આ સ્મારક કાર્યક્રમને દેશના સૌથી મોટા દરિયાઈ મેળાવડા તરીકે ઓળખવામાં આવે છે.


- આ સમિટ વિશ્વભરના સહભાગીઓને આકર્ષે છે, જેમાં યુરોપ, આફ્રિકા, દક્ષિણ અમેરિકા, એશિયા (મધ્ય એશિયા, મધ્યપૂર્વ અને BIMSTEC પ્રદેશ સહિત)ના મંત્રીઓ સામેલ છે અને ભારતના દરિયાઈ ઉદ્યોગ માટે ઉત્પ્રેરક તરીકે સેવા આપે છે.
- ગ્લોબલ મેરિટાઈમ ઈન્ડિયા 2023 એ એક ફ્લેગશિપ પ્રોગ્રામ છે જેનો ઉદ્દેશ્ય વૈશ્વિક અને પ્રાદેશિક ભાગીદારીને પ્રોત્સાહન આપીને અને રોકાણોની સુવિધા આપીને ભારતના દરિયાઈ અર્થતંત્રને આગળ વધારવાનો છે.
- ભારતીય અને આંતરરાષ્ટ્રીય મેરીટાઈમ સમુદાય માટે મહત્ત્વપૂર્ણ ઉદ્યોગ મુદ્દાઓને સંબોધવા અને ક્ષેત્રને આગળ વધારવા માટે વિચારોની આપલે કરવા માટે વાર્ષિક મેળાવડો છે.
- આ સમિટમાં ભવિષ્યના બંદરો અને દરિયાઈ ક્લસ્ટરો, કોસ્ટલ શિપિંગ અને ઈનલેન્ડ વોટર ટ્રાન્સપોર્ટેશન, શિપબિલ્ડિંગ, દરિયાઈ સલામતિ અને સુરક્ષા તથા દરિયાઈ પ્રવાસન જેવા મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## નોબેલ પુરસ્કાર વિજેતા સુશ્રી લુઈસ ગ્લુકનું નિધન

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

2020માં સાહિત્યમાં નોબેલ પારિતોષિક એનાયત કરાયેલા પ્રસિદ્ધ કવિ સુશ્રી લુઈસ ગ્લુકનું 80 વર્ષની વયે નિધન થયું છે.

- સુશ્રી લુઈસ ગ્લુકનો જન્મ 22 એપ્રિલ, 1943ના રોજ અમેરિકાના ન્યુયોર્ક સિટી ખાતે થયો હતો.
- તેઓ પ્રસિદ્ધ અમેરિકન કવિ અને નિબંધકાર હતા.
- તેમના જીવનકાળ દરમિયાન નિબંધોના અસંખ્ય ગ્રંથો સાથે 12 કવિતા સંગ્રહો લખ્યા હતા.
- તેમની કારકિર્દીની શરૂઆત યેલ યુનિવર્સિટીમાં અંગ્રેજીના પ્રોફેસર તરીકે થઈ હતી. અને તેમણે 1968માં તેણીના કાવ્ય સંગ્રહ 'ફાર્સ્ટબોર્ન' દ્વારા ઓળખ મેળવી હતી.
- 1993માં તેમના કવિતા સંકલન 'ધ વાઈલ્ડ આઈરિસ' માટે પુલિત્ઝર પુરસ્કાર મળ્યો હતો.



1. 'મનુષ્ય ગૌરવ દિન'ની ઉજવણી કયા દિવસે કરવામાં આવે છે ?

(A) 19 ઓક્ટોબર (B) 20 ઓક્ટોબર (C) 21 ઓક્ટોબર (D) 22 ઓક્ટોબર **(A)**

2. ભારતમાં કોનો જન્મદિન 'મનુષ્ય ગૌરવ દિન' તરીકે ઉજવાય છે ?

(A) ઠક્કર બાપા (B) પુજ્ય શ્રી મોટા

(C) દાદાભાઈ નવરોજી (D) પ.પૂ.પાંડુરંગ શાસ્ત્રી આઠવલે **(D)**

3. તાજેતરમાં સમાચારમાં રહેલ 'IndiaSkills 2023-24' વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. કેન્દ્રીય મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાન દ્વારા નવી દિલ્હીના કૌશલ ભવન ખાતે આયોજિત એક કાર્યક્રમમાં તેની સત્તાવાર શરૂઆત કરવામાં આવી હતી.
2. તે એક કૌશલ્ય સ્પર્ધા છે જેનો ઉદ્દેશ્ય વિવિધ ક્ષેત્રોમાં વ્યક્તિના કૌશલ્યને પ્રોત્સાહિત કરવાનો અને વધારવાનો છે.
3. ઈન્ડિયા સ્કીલ્સ 2023-24માં બાંગ્લાદેશના સ્પર્ધકોને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 2 અને 3

(C) માત્ર 1 અને 2 (D) 1, 2 અને 3 **(C)**

4. તાજેતરમાં મુંબઈ ખાતે આયોજિત 'ગ્લોબલ મેરીટાઈમ ઈન્ડિયા સમિટ'ની કેટલામી આવૃત્તિનું વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ચ્યુઅલ ઉદ્‌ઘાટન કર્યુ હતું ?

(A) ત્રીજી (B) પાંચમી (C) અગિયારમી (D) પંદરમી **(A)**

5. તાજેતરમાં નોબેલ પુરસ્કાર વિજેતા સુશ્રી લુઈસ ગ્લુકનું નિધન થયું છે. તેઓ કયા દેશના પ્રસિદ્ધ કવિ અને નિબંધકાર હતા ?

(A) અમેરિકા (B) ફ્રાન્સ (C) રશિયા (D) જાપાન **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 20 ઓક્ટોબર, (1) રાષ્ટ્રીય ઐકેય અથવા તો સુદ્દઢતા દિવસ (National Solidarity Day)
## (2) વિશ્વ આંકડા દિવસ (World Statistics Day)
## (3) વિશ્વ ઓસ્ટીયોપોરોસીસ દિવસ (World Osteoporosis Day)

## ભારત-શ્રીલંકા ફેરી સર્વિસ 40 વર્ષ પછી ફરી શરૂ



તાજેતરમાં કેન્દ્રીય જળમાર્ગ મંત્રી શ્રી સર્બાનંદ સોનોવાલે ભારત અને શ્રીલંકા વચ્ચે ફેરી સર્વિસને લીલીઝંડી બતાવી હતી.

- આ ફેરી તમિલનાડુના નાગાપટ્ટિનમ અને શ્રીલંકાના જાફનામાં કનકેસન્થુરાઈ વચ્ચે ચાલે છે, જે સાંસ્કૃતિક અને ઐતિહાસિક સંબંધોને મજબૂત બનાવે છે.
- આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા જોડાયા હતા. તથા શ્રીલંકાના રાષ્ટ્રપતિ પણ જોડાયા હતા.
- આ સેવાનો ઉદ્દેશ લોકો–થી–લોકો સંપર્ક વધારવા, પ્રાદેશિક જોડાણને પ્રોત્સાહન આપવા અને પ્રવાસનને પ્રોત્સાહન આપવાનો છે.
- જે લગભગ 3.5 કલાકમાં 60 નોટિકલ માઈલની મુસાફરીને આવરી લે છે.
- આ સેવા શિપિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા દ્વારા સંચાલિત કરવામાં આવશે.
- બંને દેશના નેતાઓ ફિનટેક, ઊર્જા અને ડિજિટલ પેમેન્ટ્સમાં સંભવિત સહયોગ અંગે પણ ચર્ચા કરી હતી.

નોંધ : (1) એડમબ્રિજ તમિલનાડુ અને શ્રીલંકા વચ્ચે આવેલ છે.
(2) ભારત અને શ્રીલંકા પાલ્કની સામુદ્રધુની દ્વારા અલગ થાય છે.
(3) આ પાલ્ક સામુદ્રધાની અથવા પાલ્ક સ્ટ્રેટનું નામ રોબર્ટ પાલ્કના નામ પરથી રાખવામાં આવ્યું છે, જેઓ બ્રિટિશ રાજના સમયગાળા દરમિયાન મદ્રાસ પ્રેસિડેન્સીના ગવર્નર હતા.

## APAAR : વન નેશન, વન સ્ટુડન્ટ આઈ.ડી.

કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે તાજેતરમાં રાજ્યોને ઓટોમેટેડ પરમેનન્ટ એકેડેમિક એકાઉન્ટ રજિસ્ટ્રી (APAAR) લાગુ કરવાની સલાહ આપી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE

- જેને ‘વન નેશન, વન સ્ટુડન્ટ ID’ તરીકે પણ ઓળખવામાં આવે છે.
- તે એજ્યુકેશન ઈકોસિસ્ટમ રજિસ્ટ્રી અથવા 'Edulocker' છે.
- આ પગલાનો ઉદ્દેશ્ય એક સીમલેસ શૈક્ષણિક ઈકોસિસ્ટમ બનાવવાનો અને વિદ્યાર્થીઓની શૈક્ષણિક યાત્રાઓ અને સિદ્ધિઓને વધુ સારી રીતે ટ્રેકિંગની સુવિધા આપવાનો છે.
- શિક્ષણ મંત્રાલય હેઠળના નેશનલ એજ્યુકેશનલ ટેક્નોલોજી ફોરમ (NETF)એ એક વ્યાપક શૈક્ષણિક ઈકોસિસ્ટમ રજિસ્ટ્રી બનાવવાનો ખ્યાલ શરૂ કર્યો હતો જેમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, શાળાઓ અને કોલેજોનો સમાવેશ થાય છે.

## APAARનો હેતુ

- APAARના ઉદ્દેશ્ય નીચે મુજબ છે :
  (a) NETF, NEP 2020 હેઠળ સ્થાપિત શિક્ષણમાં ટેક્નોલોજી આધારિત હસ્તક્ષેપો પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
  (b) APAARનો હેતુ પૂર્વ–પ્રાથમિકથી ઉચ્ચ શિક્ષણ સુધીના દરેક વિદ્યાર્થીને હાલના આધાર ID ઉપરાંત અનન્ય ઓળખ પ્રદાન કરવાનો છે.
  (c) આ ઉપરાંત તેનો હેતુ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સફર અને સિદ્ધિઓને સુવ્યવસ્થિત અને ડિજિટાઈઝ કરવાનો છે, જેનાથી તેમના રેકોર્ડ્સ સુધી પહોંચવામાં સરળતા રહે છે.

## લાભ

- વિદ્યાર્થીઓ માટે વન નેશન, વન આઈ.ડી.ના લાભો નીચે મુજબ છે :
  (a) શૈક્ષણિક પ્રગતિ અને સિદ્ધિઓના સીમલેસ ટ્રેકિંગ માટે આજિવન ID
  (b) પરીક્ષાના પરિણામો, શીખવાના પરિણામો, સહ–અભ્યાસિક સિદ્ધિઓ અને વિશિષ્ટ કૌશલ્ય તાલીમનો ડિજિટલ સંગ્રહ
  (c) દેશમાં ગમે ત્યાં શાળાઓ અથવા સંસ્થાઓ વચ્ચે સ્થાનાતંરિત વિદ્યાર્થીઓ માટે સરળ પ્રવેશ પ્રક્રિયા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# REC લિમિટેડ ગોલ્ડન પીકોક એવોર્ડથી સન્માનિત

ઊર્જા મંત્રાલય હેઠળ કેન્દ્રીય જાહેર ક્ષેત્રની એન્ટરપ્રાઈઝ અને મહારત્ન કંપની REC લિમિટેડને અસરકારક કટોકટી મૂલ્યાંકન વ્યૂહરચનાઓને અમલમાં મૂકવાની તેની પ્રતિબધતા માટે રિસ્ક મેનેજમેન્ટમાં ગોલ્ડન પીકોક એવોર્ડ આપવામાં આવ્યો છે.

- રૂરલ ઈલેક્ટ્રિફિકેશન કોર્પોરેશન (REC) એ નોન–બેંકિંગ ફાઈનાન્સિયલ કંપની (NBFC) છે, જેની સ્થાપના વર્ષ 1969માં કરવામાં આવી હતી.

- જે સમગ્ર ભારતમાં પાવર સેક્ટરના ધિરાણ અને વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે, તે <u>ઊર્જા મંત્રાલય</u> હેઠળ આવે છે.



- વર્ષ 1991માં <u>ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિરેક્ટર્સ (IOD)</u>, ભારત દ્વારા સ્થાપિત ગોલ્ડન પીકોક એવોર્ડ્સ કોર્પોરેટ ક્ષેત્રમાં શ્રેષ્ઠતા માટે આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રશંસિત બેન્ચમાર્ક તરીકે ઉભરી આવ્યા છે.

**નોંધ :** ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિરેક્ટર્સ (IOD) એ કોર્પોરેટ ડિરેક્ટરોના વ્યાવસાયિક વિકાસ અને અસરકારક બોર્ડની રચનાની જરૂરિયાતને પહોંચી વળવા માટે <u>સોસાયટી રજિસ્ટ્રેશન એક્ટ XXI, 1860</u> હેઠળ ભારતમાં ડિરેક્ટર્સનું સર્વોચ્ચ વ્યાપારી સંગઠન છે.



1. 'રાષ્ટ્રીય ઐક્ય દિવસ' અથવા 'National Solidarity Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 18 ઓક્ટોબર (B) 19 ઓક્ટોબર (C) 20 ઓક્ટોબર (D) 21 ઓક્ટોબર (C)

2. 'વિશ્વ આંકડા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 18 ઓક્ટોબર (B) 19 ઓક્ટોબર (C) 20 ઓક્ટોબર (D) 21 ઓક્ટોબર (C)

3. 'વિશ્વ ઓસ્ટીયોપોરોસીસ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 18 ઓક્ટોબર (B) 19 ઓક્ટોબર (C) 20 ઓક્ટોબર (D) 21 ઓક્ટોબર (C)

4. તાજેતરમાં ભારત–શ્રીલંકા ફેરી સર્વિસ શરૂ કરવામાં આવી છે. તેના સંદર્ભે નીચેના વિધાન પર વિચાર કરી સાચો વિકલ્પ પસંદ કરો.

1. તે તમિલનાડુના નાગાપટ્ટિનમ અને શ્રીલંકાના જાફનામાં કનકેસન્થુરાઈ વચ્ચે ચાલે છે.
2. તે તમિલનાડુના કોવેલિંગ થી શ્રીલંકાના ઉનાવાતુના વચ્ચે ચાલે છે.
3. આ ફેરી સર્વિસ માટેનો કોન્ટ્રાકટ અદાણી પોર્ટને આપવામાં આવ્યો છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો ?

(A) માત્ર 1 (B) માત્ર 1 અને 3

(C) માત્ર 2 (D) માત્ર 2 અને 3 (A)

5. તાજેતરમાં સમાચારમાં રહેલ 'APAAR' શું છે ?

(A) વન નેશન, વન લૉ (B) વન નેશન, વન પ્રોડક્ટ

(C) વન નેશન, વન સ્ટુડન્ટ આઈ.ડી. (D) વન નેશન, વન સિવીલ એક્ઝામ (C)

6. તાજેતરમાં કઈ કંપનીને ગોલ્ડન પીકોક એવોર્ડથી સન્માનિત કરવામાં આવી છે ?

(A) ITC લિમિટેડ (B) REC લિમિટેડ (C) JSW લિમિટેડ (D) HCLT લિમિટેડ (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 21 ઓક્ટોબર, પોલીસ સ્મૃતિ દિવસ અથવા પોલીસ સ્મારક દિવસ (Police Commemoration Day)




ભારતમાં દર વર્ષે 21 ઓક્ટોબરના રોજ 'પોલીસ સ્મૃતિ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- 21 ઓક્ટોબર, 1959ના રોજ ચીનના સૈનિકોએ લદ્દાખ ખાતે ભારતના 10 પોલીસ જવાનોની હત્યા કરી હતી.
- આથી, ભારતમાં શહીદ પોલીસ જવાનોની સ્મૃતિમાં દર વર્ષે 21 ઓક્ટોબરના રોજ 'પોલીસ સ્મૃતિ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- 21 ઓક્ટોબર, 2018ને 'પોલીસ સ્મારક દિવસ'ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'રાષ્ટ્રીય પોલીસ સ્મારક' (National Police Memorial)નું ઉદ્ઘાટન કર્યુ હતું.
- આ 'રાષ્ટ્રીય પોલીસ સ્મારક' નવી દિલ્હીના ચાણક્યપુરી ખાતે આવેલું છે.
- ભારતમાં આઝાદી બાદ પોલીસ જવાનો દ્વારા આપવામાં આવેલા સર્વોચ્ચ બલિદાનના સન્માનમાં આ સ્મારકનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

## પ્રાદેશિક વ્યાપક આર્થિક ભાગીદારી (RCEP)

ભારત RCEPમાંથી બહાર નીકળ્યાના ચાર વર્ષ બાદ ભારતના પાડોશી દેશો શ્રીલંકા અને બાંગ્લાદેશ પ્રાદેશિક વ્યાપક આર્થિક ભાગીદારી (RCEP)માં જોડાવાનું વિચારી રહ્યા છે.

### RCEP શું છે ?

પ્રાદેશિક વ્યાપક આર્થિક ભાગીદારી (RCEP) એ ASEAN સભ્યો અને મુક્ત વેપાર કરાર (FTA) ભાગીદારો વચ્ચેનો મહત્ત્વપૂર્ણ આર્થિક કરાર છે.

- RCEP વિશ્વનો સૌથી મોટો વ્યાપારિક બ્લોક છે.
- તે સભ્ય દેશો વચ્ચે આર્થિક એકીકરણ, વેપાર ઉદારીકરણ અને સહકારને પ્રોત્સાહન આપવા માટે રચાયેલ છે.
- RCEP વાટાઘાટો વર્ષ 2012માં શરૂ થઈ હતી.
- તેના પર સત્તાવાર રીતે નવેમ્બર 2020માં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જે પ્રાદેશિક વેપારના ક્ષેત્રમાં એક મહત્ત્વપૂર્ણ નિર્ણય છે.

- તેનો અમલ 1 જાન્યુઆરી, 2022ના રોજ કરવામાં આવ્યો હતો.
- તેમના 15 સભ્ય દેશો એટલે કે ચીન, જાપાન, ન્યુઝીલેન્ડ, દક્ષિણ કોરિયા, ઓસ્ટ્રેલિયા અને આસિયાન રાષ્ટ્રો (બ્રુનેઈ, કંબોડિયા, ઈન્ડોનેશિયા, લાઓસ, મલેશિયા, મ્યાનમાર, ફિલિપાઈન્સ, સિંગાપોર, થાઈલેન્ડ અને વિયેતનામ)નો સમાવેશ થાય છે.
- માલનો વેપાર, સેવાઓમાં વેપાર, રોકાણ, આર્થિક અને તકનીકી સહકાર, બૌદ્ધિક સંપદા, સ્પર્ધા, વિવાદનું સમાધાન, ઈ–કોમર્સ અને નાના–મધ્યમ ઉદ્યોગ જેવા ક્ષેત્રોનો RCEP વાટાઘાટોનો સમાવેશ થાય છે.
- RCEPના ઉદ્દેશ્ય નીચે મુજબ છે :

  (1) સભ્ય દેશો વચ્ચે વેપાર અને રોકાણની સુવિધા

  (2) વેપારમાં ટેરિફ અને નોન–ટેરિફ અવરોધોને ઘટાડવા અથવા દૂર કરવા

  (3) આર્થિક સહયોગ અને પ્રાદેશિક પુરવઠા શૃંખલાઓને વધારવી.
- RCEPના ફાયદા નીચે મુજબ છે :

  (1) તે આર્થિક વૃદ્ધિ અને પ્રાદેશિક સ્થિરતાને પ્રોત્સાહન આપે છે.

  (2) વિદેશી રોકાણને પ્રોત્સાહન આપે છે.

  (3) વ્યવસાયિક પ્રક્રિયાઓ અને નિયમોને સુવ્યવસ્થિત કરે છે.

  (4) સ્પર્ધાત્મકતા અને નવીનતા વધારે છે.
- RCEP આંતરરાષ્ટ્રીય વેપારમાં એશિયા–પેસિફિક ક્ષેત્રના પ્રભાવને મજબૂત બનાવે છે.
- આ કરાર ભાવી વેપાર સોદા અને પ્રાદેશિક સહકાર માટે એક મોડલ તરીકે કામ કરી શકે છે.

નોંધ : (1) ભારત RCEPનું સ્થાપક સભ્ય હતું. વર્ષ 2019માં ભારતે RCEP વાટાઘાટોમાંથી ખસી જવાનો નિર્ણય કર્યો હતો.

(2) RCEPમાંથી ખસી જવાનો ભારતનો નિર્ણય તેની સ્થાનિક અર્થવ્યવસ્થા પર અસર અંગેની ચિંતાઓ પર આધારિત હતો.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દેશની પ્રથમ રેપિડ ટ્રેન 'નમો ભારત' લોન્ચ

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદમાં રેપિડએક્સ સ્ટેશન ખાતેથી દિલ્હી–ગાઝિયાબાદ–મેરઠ કોરિડોરની ભારતની પ્રથમ 'પ્રાદેશિક રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ' (RRTS)ને લીલી ઝંડી આપી હતી.

- આ ટ્રેનનું નામ 'નમો ભારત' આપવામાં આવ્યું છે.

- પ્રથમ તબક્કામાં આ ટ્રેન સાહિદાબાદથી દુહાઈ સુધી ચલાવવામાં આવશે.
- દિલ્હી–ગાઝિયાબાદ–મેરઠ RRTS કોરિડોરનો અગ્રતા વિભાગ 17 કિલોમીટરમાં ફેલાયેલો છે, તે ભારતના પરિવહન માળખાનો નોંધપાત્ર વિકાસ છે.

## RRTSની મુખ્ય વિશેષતા



પ્રાદેશિક રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ (RRTS) 180km/hની ઝડપે દોડવા સક્ષમ છે.

- તે દર 15 મિનિટે ઈન્ટરસિટી મુસાફરી માટે હાઈ–સ્પીડ ટ્રેનો પ્રદાન કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે.
- જે તેમને પરંપરાગત મેટ્રો ટ્રેનો અને કેટલીક રેલવે લાઈનોની સરખામણીમાં નોંધપાત્ર રીતે ઝડપી પરિવહનનું માધ્યમ બનાવે છે.
- RRTSને ઝડપી પ્રવાસી ટ્રેનો દ્વારા રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ (NCR)માં વિવિધ સ્થળોને જોડવા માટે ડિઝાઈન કરવામાં આવી છે.
- તેનો હેતુ એક વ્યાપક અને સંકલિત પરિવહન નેટવર્ક બનાવવાનો છે.
- RRTS પ્રોજેક્ટ અન્ય દેશોની ઝડપી પરિવહન પ્રણાલીઓમાંથી પ્રેરણા લે છે, જેમ કે પેરિસમાં RER, જર્મની અને ઓસ્ટ્રેલિયામાં પ્રાદેશિક–એક્સપ્રેસ ટ્રેનો અને યુનાઈટેડ સ્ટેટ્સમાં SEPTA પ્રાદેશિક રેલ.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAM

## મહત્ત્વ

RRTSનો ઉદ્દેશ્ય રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ (NCR) અને મોટા શહેરો વચ્ચે મુસાફરીનો સમય ઘટાડવાનો છે.

- જે ટૂંકા ગાળામાં લાંબા અંતર પર મુસાફરી કરવાનું શક્ય બનાવે છે. આમ, રહેવાસીઓ અને કામદારો માટે ગતિશિલતા અને સુવિધાઓમાં વધારો કરે છે.
- મુસાફરોને ખાનગી વાહનોમાંથી RRTS તરફ વાળીને પ્રોજેક્ટનો હેતુ રસ્તાઓ, હાઈવે અને હાલના મેટ્રો અને રેલવે નેટવર્ક પર ટ્રાફિકની ભીડ ઘટાડવાનો છે.
- RRTS કોરિડોર સાથે કોમર્શિયલ હબનો વિકાસ અને રોજગારીનું સર્જન થશે. જે સ્થાનિક આર્થિક વિકાસને પ્રોત્સાહન આપશે.

## RRTS પ્રોજેક્ટ હેઠળ આઠ કોરિડોર

રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ (NCR)માં RRTS પ્રોજેક્ટ હેઠળ આઠ કોરિડોર વિકસાવવામાં આવશે, જેમાં નીચેનાનો સમાવેશ થાય છે :

(1) દિલ્હી–ગાઝિયાબાદ–મેરઠ

(2) દિલ્હી–ગુરુગ્રામ–SNB–અલવર

(3) દિલ્હી–પાનીપત

(4) દિલ્હી–ફરીદાબાદ–બલ્લબગઢ–પલવલ

(5) ગાઝિયાબાદ–ખુર્જા

(6) દિલ્હી–બહાદૂરગઢ–રોહતક

(7) ગાઝિયાબાદ–હાપુર

(8) દિલ્હી–શાહદ્રા–બરૌત

**નોંધ :** આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બેંગ્લુરુ ખાતેની મેટ્રોની બે લાઈનો પણ દેશને સમર્પિત કરી હતી. આ બે મેટ્રો બૈપનહલ્લીથી કૃષ્ણરાજપરા અને કંગેરીથી ચલ્લાઘટ્ટાને જોડશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS






1. ભારતમાં 'પોલીસ સ્મૃતિ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 20 ઓક્ટોબર (B) 21 ઓક્ટોબર (C) 22 ઓક્ટોબર (D) 23 ઓક્ટોબર **(B)**

2. 21 ઓક્ટોબર 2018ને 'રાષ્ટ્રીય પોલીસ સ્મારક દિવસ' નિમિત્તે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'રાષ્ટ્રીય પોલીસ સ્મારક'નું ઉદ્‌ઘાટન ક્યાંથી કરાવ્યું હતું ?

(A) નવી દિલ્હી (B) લખનૌ (C) જયપુર (D) જમ્મુ **(A)**

3. તાજેતરમાં સમાચારમાં રહેલ 'પ્રાદેશિક વ્યાપક આર્થિક ભાગીદારી' (RCEP) વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે વિશ્વનો સૌથી મોટો વ્યાપારિક બ્લોક છે.
2. તેમાં ચીન, જાપાન, ન્યુઝીલેન્ડ, દક્ષિણ કોરિયા, ઓસ્ટ્રેલિયા અને આસિયાન રાષ્ટ્રોનો સમાવેશ થાય છે.
3. તેનું મુખ્ય મથક કંબોડિયાના ફ્નોમ પેન્હમાં આવેલું છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 2 અને 3 (B) 1, 2 અને 3
(C) ફક્ત 1 અને 3 (D) ફક્ત 1 અને 2 **(D)**

4. તાજેતરમાં દિલ્હી–ગાઝિયાબાદ–મેરઠ કોરિડોરની ભારતની પ્રથમ 'પ્રાદેશિક રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ' (RRTS)ને લીલી ઝંડી આપવામાં આવી હતી. આ ટ્રેનને શું નામ આપવામાં આવ્યું છે ?

(A) NCR એક્સપ્રેસ (B) નમો ભારત (C) મેરઠ એક્સપ્રેસ (D) ભારત એક્સપ્રેસ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

અન્ય મહત્વનું

# ONE LINER

CURRENT AFFAIRS

## ગુજરાત

➤ **રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 મુજબ મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના વિદ્યાર્થીઓના હિતમાં મહત્ત્વના નિર્ણયો લીધા**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતના વિદ્યાર્થીઓના હિતમાં અનેક મહત્ત્વના નિર્ણયો લીધા છે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 સાથે સંરેખિત, મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં યોજાયેલી ઉચ્ચ–સ્તરીય બેઠકમાં આ નિર્ણયોની ચર્ચા કરવામાં આવી હતી. વર્ગ-12 વિજ્ઞાન પ્રવાહના તમામ વિષયો માટે પુનઃપરીક્ષા જૂન/જુલાઈમાં નક્કી કરવામાં આવી છે. જે વિદ્યાર્થીઓએ ધોરણ 12નો વિજ્ઞાન પ્રવાહ સફળતાપૂર્વક પૂર્ણ કર્યો છે તેઓ ગ્રેડ સુધારણા માટે તમામ વિષયો અથવા તેમની પસંદગીના કોઈપણ વિષયની પુનઃપરીક્ષા કરવાનું પસંદ કરી શકે છે. બે પરીક્ષાના પરિણામોમાંથી ઉચ્ચ (બેમાંથી શ્રેષ્ઠ) ગણવામાં આવશે. જે વિદ્યાર્થીઓ તેમની ધોરણ 10ની પરીક્ષામાં નાપાસ થયા છે તેમની પાસે બે ને બદલે ત્રણ વિષયોમાં પૂરક પરીક્ષા આપવાનો વિકલ્પ હશે. ધોરણ 12 સામાન્ય પ્રવાહમાં નાપાસ થયેલા દરેક વિદ્યાર્થીઓ એક વિષયને બદલે બે વિષયોમાં પૂરક પરીક્ષા આપી શકે છે. ધોરણ 10 અને ધોરણ 12 સામાન્ય પ્રવાહની બોર્ડની પરીક્ષાઓ માટે ઉદ્દેશ્ય પ્રશ્નોનું પ્રમાણ 20% થી વધીને 30% અને વર્ણનાત્મક પ્રશ્નોનું પ્રમાણ 80% થી ઘટીને 70% થયું છે. આ નિર્ણયો શૈક્ષણિક વર્ષ 2023-24થી લાગુ કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કાર્યકારી વાઈસ ચાન્સેલર : ડો. નિલાંબરીબેન દવે**



તાજેતરમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કાર્યકારી વાઈસ ચાન્સેલર તરીકે ડો. નિલાંબરીબેન દવેની નિમણૂક કરવામાં આવી છે. તેઓ અગાઉના કાર્યકારી વાઈસ ચાન્સેલર શ્રી ગિરીશ ભીમાણીનું સ્થાન લેશે. નોંધનીય છે કે ડો. નિલાંબરીબેન દવે આ અગાઉ પણ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઈન્ચાર્જ કુલપતી રહી ચૂક્યા હતા.

➤ **ગાંધીનગર સ્થિત 'નાઈપર'ના સ્થાયી પરિસરનું લોકાર્પણ**

રાષ્ટ્રીય ઔષધિય શિક્ષણ અને અનુસંધાન સંસ્થાના રૂ.94 કરોડના ખર્ચે બનેલ સ્થાયી પરિસરનું તાજેતરમાં કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહએ પાલજ, ગાંધીનગર ખાતેથી લોકાર્પણ કર્યુ હતું. તેમણે જણાવ્યું કે 'રાષ્ટ્રીય ઔષધિય શિક્ષણ અને અનુસંધાન સંસ્થાન' (NIPER) ફાર્મા ક્ષેત્રે જ્ઞાન, શિક્ષણ, સંશોધન અને વેપારને જોડવા માટે એક સેતુરૂપ ભૂમિકા આપી રહી છે. નાઈપર થકી ફાર્માસ્યુટિકલના વિકાસ માટેની શરૂઆત થઈ છે. છેલ્લા ત્રણ વર્ષથી ગાંધીનગર–નાઈપર દેશની પ્રથમ 10 સંસ્થાઓમાં પોતાનું સ્થાન ધરાવે છે. નોંધનીય છે કે આ ભવન 60 એકર જમીન પર નિર્માણ કરવામાં આવ્યું છે. ભારતમાં મોહાલી, ગુવાહાટી પછી ગાંધીનગર–નાઈપર ત્રીજું છે જે સંપૂર્ણ રીતે કાર્યરત થશે.

## ભારત

➤ **સઘન મિશન ઈન્દ્રધનુષ 5.0 અભિયાન**

ઈન્ટેન્સિફાઈડ મિશન ઈન્દ્રધનુષ (IMI 5.0) એ કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયની પ્રાધાન્યતા રસીકરણ પહેલ છે. આ કાર્યક્રમ એવા બાળકો અને સગર્ભા સ્ત્રીઓને લક્ષ્યાંકિત કરે છે જેમણે રસી અપાવી નથી, તેઓને જરૂરી રસીકરણ મળે તેની ખાતરી કરે છે. પ્રથમ વખત IMI 5.0ને દેશના દરેક જિલ્લામાં વિસ્તારવામાં આવ્યો છે. વધુમાં તેમાં હવે 5 વર્ષ સુધીના બાળકોનો સમાવેશ થાય છે. જ્યારે અગાઉના અભિયાનોમાં માત્ર 2 વર્ષ સુધીના બાળકોનો સમાવેશ થતો હતો. IMI 5.0નો હેતુ રાષ્ટ્રીય રસીકરણ શેડ્યુલ (NIS)ને અનુસરીને યુનિવર્સલ ઈમ્યુનાઈઝેશન પ્રોગ્રામ (UIP) હેઠળ સૂચિબધ તમામ રસીઓના કવરેજને વધારવાનો છે. ઓરી અને રુબેલા રસીકરણના દરમાં સુધારો કરવા પર નોંધપાત્ર ભાર મૂકવામાં આવ્યો છે, જે 2023 સુધીમાં તેમને નાબૂદ કરવાનું લક્ષ્ય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **તટીય સુરક્ષા અભ્યાસ-ઈસ્ટ કોસ્ટ સાગર કવચ 02/23**

ભારતીય નૌકાદળ દ્વારા તાજેતરમાં આંધ્રપ્રદેશ, તમિલનાડુ અને કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીમાં તમામ દરિયાઈ સુરક્ષા એજન્સીઓને સામેલ કરતી વ્યાપક દરિયાઈ સુરક્ષા કવાયત સાગર કવચ 02-23 હાથ ધરવામાં આવી હતી. આ કવાયતનું વિશાખાપટ્ટનમ્ ખાતેના જોઈન્ટ ઓપરેશન સેન્ટર (પૂર્વ) ખાતે નજીકથી દેખરેખ રાખવામાં આવી હતી, જે તમામ દરિયાકાંઠાની સુરક્ષા કામગીરી અને ઓપરેશનનાં ક્ષેત્રમાં કવાયત માટે નોડલ કેન્દ્ર છે. વિશાખાપટ્ટનમ્, ચેન્નાઈ અને રામનાથપુરમથી કાર્યરત ડોર્નિયર એરક્રાફ્ટ અને હેલિકોપ્ટર દ્વારા વ્યાપક હવાઈ સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું. કવાયતમાંથી પ્રાપ્ત પરિણામોનો ઉપયોગ દરિયાકાંઠાની સુરક્ષાને મજબૂત કરવા માટે કરવામાં આવશે.

### ➤ ભારતીય સેના 'ચાણક્ય રક્ષા સંવાદ' ટોક સિરીઝ શરૂ કરશે



ભારતીય સેના 'ચાણક્ય રક્ષા સંવાદ'ની શરૂઆત સાથે સુરક્ષા બાબતો પર મહત્ત્વપૂર્ણ ચર્ચાઓ માટે એક મંચ તૈયાર કરવા જઈ રહી છે. આ સંવાદ શ્રેણી નિર્ણાયક સુરક્ષા મુદ્દાઓ પર આંતરદૃષ્ટિ આપલે કરવા માટે નિષ્ણાતોને એકસાથે લાવવાના હેતુથી વ્યૂહાત્મક જાગૃતિ વધારવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે. ચાણક્ય રક્ષા સંવાદનું ઉદ્‌ઘાટન ટૂંક સમયમાં આર્મી ચીફ જનરલ મનોજ પાંડેની અધ્યક્ષતામાં કરવામાં આવશે. ચાણક્ય રક્ષા સંવાદની કલ્પના એક નિયમિત મંચ તરીકે કરવામાં આવી છે જે વૈશ્વિક સંરક્ષણ અને વ્યૂહાત્મક સમુદાયના અગ્રણી નિષ્ણાતોને એકસાથે લાવશે.

### ➤ આંતર-રાજ્ય ટ્રાન્સમિશન સિસ્ટમ-ગ્રીન એનર્જી કોરિડોર તબક્કો-II

આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ લદાખમાં 13 ગીગાવોટ રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ માટે ગ્રીન એનર્જી કોરિડોર (GEC) ફેઝ–2–ઈન્ટર સ્ટેટ ટ્રાન્સમિશન સિસ્ટમ પ્રોજેક્ટને મંજૂરી આપી છે. તેની સ્થાપના નાણાકીય વર્ષ 2029-30 સુધીમાં કરવામાં આવશે અને પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ આ પ્રોજેક્ટની અમલીકરણ એજન્સી હશે. આ પ્રોજેક્ટ વર્ષ 2030 સુધીમાં બિન–અશ્મિભૂત ઈંધણમાંથી 500GW સ્થાપિત પાવર ક્ષમતાના લક્ષ્યાંકને હાંસલ કરવામાં યોગદાન આપશે. તે દેશની લાંબા ગાળાની ઊર્જા સુરક્ષાને સુનિશ્ચિત કરશે.

### ➤ એરક્રાફ્ટ નિયમો, 1937માં સુધારા

તાજેતરમાં નાગરિક ઉડ્ડયન મંત્રાલયે ઉડ્ડયન નિયમન હેઠળ સલામતી અને વ્યવસાય કરવામાં સરળતાને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે એરક્રાફ્ટ નિયમો, 1937માં સુધારાની સૂચના આપી છે. આ સુધારાએ એરલાઈન ટ્રાન્સપોર્ટ પાઈલટ લાયસન્સ અને કોમર્શિયલ પાઈલટ લાયસન્સની માન્યતા પાંચ વર્ષથી વધારી દસ વર્ષ કરી છે. આ સુધારામાં વિવિધ સ્ત્રોતોને સમાવેશ કરવા માટે 'લાઈટ'ની વ્યાખ્યા સ્પષ્ટ કરવામાં આવી હતી. અને સરકારના અધિકારક્ષેત્રને એરપોર્ટની આસપાસ 5 કિલોમીટરથી વધારીને 5 નોટિકલ માઈલ કરવામાં આવ્યું હતું. તેમણે સરકારને એવી લાઈટો દર્શાવતી વ્યક્તિઓ સામે પગલા લેવાની સત્તા આપી છે જે વિમાનની કામગીરીમાં દખલ કરે છે. ઉડ્ડયન ક્ષેત્રની વિકસતી જરૂરિયાતો સાથે નિયમોને સંરેખિત કરવા વિદેશી લાયસન્સની ચકાસણી સંબંધિત નિયમ 118 દૂર કરવામાં આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- **ભારતની પ્રથમ CAR-T સેલ થેરાપી મંજૂર**

IIT બોમ્બે સમર્થિત કંપની ઈમ્યુનો એડોપ્ટિવ સેલ થેરાપીને સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (CDSO) તરફથી પ્રથમ માનવીયકૃત CD-19 લક્ષિત કાઈમરિક એન્ટિજેન રીસેપ્ટર ટી સેલ થેરાપી પ્રોડક્ટ માટે મંજૂરી આપી છે. આ ઉત્પાદનોનો ઉપયોગ ભારતમાં રિલેપ્સ્ડ/રીફેક્ટરી બી–સેલ લિમ્ફોમાસ અને લ્યુકેમિયા માટે થાય છે. NexCAR 19 IIT બોમ્બે અને ટાટા મેમોરિયલ સેન્ટર વચ્ચેના દાયકા–લાંબા સહયોગી પ્રયાસોનું પરિણામ છે. CAR ટી–સેલ થેરાપી એ કેન્સરની સારવારમાં એક મોટી સફળતા છે.

## વિશ્વ

- **ભારત-મ્યાનમાર સરહદ પર સ્માર્ટ ફેન્સિંગ સિસ્ટમ**



ગૃહ મંત્રાલયએ 2022-23 માટેના તેના વાર્ષિક અહેવાલમાં ભારત–મ્યાનમાર સરહદ પર 100km સ્માર્ટ ફેન્સિંગ (SFS) તૈયાર કરવાની યોજના રજૂ કરી છે. સ્માર્ટ ફેન્સિંગ સિસ્ટમ એ સંવેદનશીલ સરહદી વિસ્તારોમાં દેખરેખ અને નિયંત્રણને સુધારવા માટે રચાયેલ તકનીકી રીતે અદ્યતન સરહદ સુરક્ષા માળખું છે. તેમાં સામાન્ય રીતે ભૌતિક બંધારણો, સેન્સર્સ, કેમેરા અને સંચાર પ્રણાલીઓનું સંયોજન સામેલ હોય છે. સ્માર્ટ ફેન્સિંગ સિસ્ટમ સીમા ઉલ્લંઘન પર દેખરેખ રાખવા અને જવાબ આપવા માટે અદ્યતન મોનીટરીંગ ટેક્નોલોજીથી સજ્જ છે. નોંધનીય છે કે ભારતનો પ્રથમ સ્માર્ટ ફેન્સ પાયલોટ પ્રોજેક્ટ વર્ષ 2018માં ભારત–પાકિસ્તાન સરહદ પર શરૂ કરવામાં આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- **એન્ટાર્કટિકા ઉપર ઓઝનનું મોટું છિદ્ર**

એન્ટાર્કટિકા ઉપર ઉપગ્રહ માપણીઓએ એક વિશાળ ઓઝન છિદ્ર અથવા ‘ઓઝન–ક્ષીણ થયેલ ક્ષેત્ર’ જાહેર કર્યું છે, જેણે વાતાવરણીય ચિંતાઓ ઉભી કરી છે. યુરોપિયન સ્પેસ એજન્સીના કોપરનિક્સ સેન્ટીનેલ-5P ઉપગ્રહે આ નોંધપાત્ર વિસંગતતાને ઓળખી કાઢી છે. જોકે તેનાથી એન્ટાર્કટિકા ઉપર સપાટીની ઉષ્ણતામાં વધારો થવાની સંભાવના નથી, આ ઘટના તેના કારણો અને આબોહવા પરિવર્તન સાથેના સંભવિત જોડાણો વિશે પ્રશ્નો ઉભા કરે છે. ઓઝન છિદ્ર એ એન્ટાર્કટિકા ઉપર ઊર્ધ્વ મંડળનો વિસ્તાર છે જ્યાં ઓઝન સ્તર અસાધારણ રીતે ક્ષીણ થઈ ગયું છે. એન્ટાર્કટિકા પરના ઓઝન છિદ્રનું કદ વર્ષ–દર વર્ષ બદલાય છે, સામાન્ય રીતે ઓગસ્ટ મહિનામાં ઘણી હદ સુધી વધે છે. અને સામાન્ય રીતે નવેમ્બર અને ડિસેમ્બર મહિનામાં ઘટાડો થાય છે.

1. તાજેતરમાં માઈક્રોસોફ્ટે વીડિયો ગેમ કંપની _____ નું 69 બિલિયન ડોલરનું સંપાદન સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે.
– એક્ટિવિઝન બ્લિઝાર્ડ

2. વર્લ્ડ વાઈટ કેન દિવસ ક્યારે ઉજવવામાં આવે છે ? – 15 ઓક્ટોબર

3. વિશ્વ કરોડરજ્જુ દિવસ અથવા વર્લ્ડ સ્પાઈન ડે તરીકે કયો દિવસ ઉજવવામાં આવ્યો હતો ? – 16 ઓક્ટોબર
(વિશ્વ કરોડરજ્જુ દિવસ 2023ની થીમ 'મુવ યોર સ્પાઈન' છે.)

4. તાજેતરમાં જળ શક્તિ મંત્રાલયે કેટલામાં રાષ્ટ્રીય જળ પુરસ્કારની અરજી માટેની શરૂઆત કરી છે ? – 5મા

5. તાજેતરમાં UNSCએ કેન્યાની આગેવાની હેઠળના બહુરાષ્ટ્રીય મિશનને _____ માં સ્થાપિત કરવા નિર્ણાયક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું રક્ષણ કરવા અને વધતી હિંસાને નિયંત્રિત કરવા માટે મંજૂરી આપી છે. – હૈતી

6. તાજેતરમાં કયા રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ રોજગારમાં વધારો કરવા અને રાજ્યમાં આર્થિક વિકાસને આગળ ધપાવવા એલિવેટ પ્રોગ્રામ શરૂ કર્યો છે ? – મેઘાલય

7. ICMRએ કયા ચેપને શોધવા માટે ટ્રુનેટ ટેસ્ટ કરાવવાની મંજૂરી આપી છે ? – નિપાહ

8. ભારતમાં વૈજ્ઞાનિકોને સન્માનિત કરવા માટે કયા નવા એવોર્ડની સ્થાપના કરવામાં આવી છે ?
– રાષ્ટ્રીય વિજ્ઞાન પુરસ્કાર
(આ પુરસ્કારો આજીવન સિદ્ધિ માટે વિજ્ઞાન રત્ન, વિશિષ્ટ યોગદાન માટે તથા યુવા વૈજ્ઞાનિકોને પ્રોત્સાહિત કરવા માટે વિજ્ઞાન યુવા શાંતિ સ્વરૂપ ભાટનગર અને વૈજ્ઞાનિકોની ટીમને માન્યતા આપવા માટે વિજ્ઞાન ટીમ સહિત ચાર શ્રેણીમાં આપવામાં આવશે. આ પુરસ્કારો 2024માં શરૂ થશે અને ભૌતિકશાસ્ત્રથી પર્યાવરણ વિજ્ઞાન સુધીના 13 ડોમેન્સને આવરી લેશે.)

9. ભારતે ભારતના શહેરોમાં 10,000 મેડ–ઈન–ઈન્ડિયા ઈલેક્ટ્રિક બસો ગોઠવવા માટે કયા દેશ સાથે ભાગીદારી કરી છે ? – અમેરિકા

10. આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા આયોજિત 'ઈન્ડિયા સ્માર્ટ સિટી કોન્કલેવ' 26 થી 27 સપ્ટેમ્બર દરમિયાન _____ માં બ્રિલિયન્ટ કન્વેન્શન સેન્ટર ખાતે યોજાઈ હતી. – ઈન્દોર, મધ્યપ્રદેશ

11. તાજેતરમાં _____ એ બર્લિનમાં વિમેન્સ મેરેથોનમાં વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. – સુશ્રી ટાઈગિસ્ટ અસેફા
(તાજેતરમાં ઈથોપિયન દોડવીર ટાઈગિસ્ટ અસેફાએ બર્લિન મેરેથોનમાં 2 કલાક, 11 મિનિટ અને 53 સેકન્ડમાં રેસ પૂર્ણ કરી હતી.)

12. કયું ભારતીય શહેર 'Windergy India 2023 સમિટ'નું યજમાન હતું ? – ચેન્નાઈ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**13.** કયા કેન્દ્રીય મંત્રાલયે ભારતીય સાંકેતિક ભાષા સંશોધન અને તાલીમ કેન્દ્ર (ISLRTC)ની સ્થાપના કરી છે ?
– સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય

**14.** તાજેતરના ડેટા મુજબ ખુલ્લામાં શૌચ મુક્ત (ODF) પ્લસ જાહેર કરાયેલ ગામોની ટકાવરી કેટલી છે ? – 75%

**15.** e-UNNAT કયા કેન્દ્રશાસિત પ્રદેશનું સર્વિસ ડિલિવરી પોર્ટલ છે ? – જમ્મુ–કાશ્મીર

**16.** કઈ કંપનીએ 'ઈન્ડસ એપસ્ટોર' ડેવલપર પ્લેટફોર્મ લોન્ચ કર્યુ છે ? – Phonpe

**17.** તાજેતરમાં સમાચારમાં રહેલ 'ઝારિયા માસ્ટર પ્લાન' કયા કેન્દ્રીય મંત્રાલય સાથે સંકળાયેલ છે ?
– કોલસા મંત્રાલય

**18.** ઈ–કેબિનેટ સિસ્ટમ દાખલ કરનાર અરૂણાચલ પ્રદેશ પછી ઉત્તર–પૂર્વનું બીજું રાજ્ય કયું છે ? – ત્રિપુરા
(ત્રિપુરા ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ અને અરૂણાચલ પ્રદેશ પછી ઈ–કેબિનેટ સિસ્ટમ દાખલ કરનાર ચોથું રાજ્ય અને ઉત્તરપૂર્વમાં બીજું રાજ્ય બન્યું છે.)

**19.** તાજેતરમાં કઈ મુખ્ય અર્થવ્યવસ્થાએ 2024માં તેના સંરક્ષણ ખર્ચમાં 70% વધારો કરવાની જાહેરાત કરી છે ?
– રશિયા

**20.** તાજેતરમાં કયા દેશે 'ટ્રાન્સનેશનલ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ મિનિસ્ટ્રિયલ કોન્ફરન્સ વિરુદ્ધ યુએન કન્વેન્શન'નું આયોજન કર્યુ હતું ? – ઈટાલી

**21.** તાજેતરમાં સમાચારમાં રહેલ સ્કો વેલી કયાં આવેલું છે ? – લદ્દાખ

**22.** તાજેતરમાં કયા કેન્દ્રીય મંત્રાલયે 'CRIIIO 4 GOOD મોડ્યુલ્સ' લોન્ચ કર્યુ હતું ? – શિક્ષણ મંત્રાલય

**23.** 'વલ્કન 20-20' નામનો વિશ્વનો સૌથી શક્તિશાળી લેસર બનાવવાનો પ્રોજેક્ટ કયા દેશ સાથે સંબંધિત છે ?
– યુનાઈટેડ કિંગ્ડમ

**24.** કયા કેન્દ્રીય મંત્રાલયે 'ટેક્નોલોજી અને ભારતીય ભાષા સમિટ'નું આયોજન કર્યુ હતું ? – શિક્ષણ મંત્રાલય

**25.** પેસિફિક એશિયા ટ્રાવેલ એસોસિએશન (PATA) ટ્રાવેલ માર્ટ 2023નો યજમાન કયો દેશ છે ? – ભારત

**26.** તાજેતરમાં કયા દેશે જાહેરાત કરી હતી કે તે વ્યાપક ન્યુક્લિયર–ટેસ્ટ–બેન–ટ્રીટી (CTBT)ની બહાલી રદ કરવા માંગે છે ? – રશિયા

**27.** કઈ સંસ્થાએ 'વેપાર અને વિકાસ અહેવાલ 2023' (Trade and Development Report 2023) બહાર પાડ્યો છે ? – UNCTAD

**28.** પર્સિવરેન્સ રોવરે તાજેતરમાં કયા ગ્રહમાં 'ડસ્ટ ડેવિલ' (ધૂળના ટોર્નેડો જેવો) પકડ્યો છે ? – મંગળ

**29.** કયું રાજ્ય 'સમક્કા સરલમ્મા જટારા' આદિવાસી ઉત્સવનું આયોજન કરે છે ? – તેલંગાણા

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**30.** તાજેતરમાં કયા શહેરમાં પૂજા વિશેષ ટ્રામનું અનાવરણ કરવામાં આવ્યું હતું ? – કોલકાતા (પશ્ચિમ બંગાળ)

**31.** કઈ સંસ્થા વૈશ્વિક મર્ચેન્ડાઈઝ વેપાર વૃદ્ધિની આગાહી કરે છે ? – **WTO**

**32.** તાજેતરમાં સમાચારમાં રહેલ ‘ટોકનાઈઝેશન’ કોની સાથે સંકળાયેલ છે ? – ચૂકવણી સુરક્ષા

(ટોકનાઈઝેશન એ ટોકન તરીકે ઓળખાતા વૈકલ્પિક કોડ સાથે વાસ્તવિક કાર્ડ વિગતો બદલવાનો સંદર્ભ આપે છે.)

**33.** ‘વર્લ્ડ હાઈડ્રોજન અને ફ્યુઅલ સેલ ડે’ ક્યારે ઉજવવામાં આવે છે ? – 8 ઓક્ટોબર

**34.** તાજેતરમાં કયા રાજ્યમાં ‘લચિત બોરફૂકન’ની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું છે ? – આસામ

**35.** તાજેતરમાં કયા રાજ્યએ ‘રોજગાર પ્રયાગ પોર્ટલ’ શરૂ કર્યુ છે ? – ઉત્તરાખંડ

**36.** ભારતમાં ‘નવમી પી-20 સમિટ’નું યજમાન શહેર કયું છે ? – નવી દિલ્હી

**37.** કઈ સંસ્થા ભારતમાં સરકારી સિક્યુરિટીઝના ઓપન માર્કેટ ઓપરેશન્સ (**OMO**) વેચાણનું સંચાલન કરે છે ?

– **RBI**

**38.** કયા દેશે યુરોપનું પ્રથમ સંપૂર્ણ ખાનગી રોકેટ **'Miura'** લોન્ચ કર્યુ છે ? – સ્પેન

**39.** કયા રાજ્યએ ગરીબી નાબૂદી યોજના ‘ઓરુનોઈડ 2.0’ શરૂ કરી છે ? – આસામ

**40.** તાજેતરમાં ચર્ચામાં રહેલ **MMDR** એક્ટ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલ છે ? – ખાણો અને ખનીજ

**41.** કૌશલ્ય વિકાસ અને સાહસિકતા મંત્રાલય હેઠળ કાર્યરત નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (**NSDC**)એ ‘સુપર પાવર રિટેલર પ્રોગ્રામ’ શરૂ કરવા માટે _____ સાથે સહયોગ કર્યો છે. – કોકા–કોલા ઈન્ડિયા

(આ સહયોગી પહેલનો ઉદ્દેશ ઓડિશા અને ઉત્તર પ્રદેશ રાજ્યોમાં રિટેલ ક્ષેત્રને મજબૂત કરવાનો છે. આ કાર્યક્રમ નાના અને સુક્ષ્મ રિટેલરોની ક્ષમતાઓને વધારવા માટે રચાયેલ છે.)

**42.** સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ ફેઝ-2 માટે _____ સાથે **MoU** કરવામાં આવ્યા છે. – શોભા ડેવલપર્સ

**43.** તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે ‘ડાયમંડ્સ ફોર ઓવર, સો આર મોરલ્સ’ પુસ્તકનું વિમોચન કર્યુ હતું. આ પુસ્તક (આત્મકથા) કોણે લખ્યું છે ? – શ્રી ગોવિંદભાઈ ધોળકિયા

**44.** મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમેરિકાના સાન ફ્રાન્સિકો ખાતે આયોજિત _____ સમિટનું ગાંધીનગરથી વર્ચ્યુઅલ ઉદ્દઘાટન કર્યુ હતું. – ઈન્ડસ–યુએસ ઈન્ડિયા કોર્પોરેટ ગવર્નમેન્ટ સમિટ

**45.** તાજેતરમાં ગુજરાતમાં કયા સ્થળે વાઈલ્ડ લાઈફ કોન્ફરન્સ યોજાઈ હતી ? – ગાંધીનગર

**46.** તાજેતરમાં આરોગ્યલક્ષી યોજનાઓ જન–જન સુધી પહોંચાડવા કયા અભિયાનનો પ્રારંભ કરાયો છે ?

– આયુષ્માન ભવ:

**47.** ગોલ્ડન થ્રેસોલ્ડ નામનો કાવ્યસંગ્રહ કોણે લખ્યો છે ? – સરોજિની નાયડુ

INSTITUTE FOR COMPETITIVE EXAMS

48. 'લિટ્ટી ચોખા' કયા રાજ્યની ખાસ વાનગી છે ? – બિહાર
49. ગુજરાતના લ્યુથર તરીકે કોણ ઓળખાય છે ? – કરસનદાસ મૂળજી
50. ચીન મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ બેલ્ટ એન્ડ રોડ ઈનિશિયેટિવ (BRI)ની _____ મી વર્ષગાંઠની ઉજવણી કરી રહ્યું છે. – 10મી
51. ફૂલોનો નવ દિવસીય ઉત્સવ 'બથુકમ્મા' કયા રાજ્યમાં ઉત્સાહ સાથે ઉજવાય છે ? – તેલંગાણા
52. કયા દેશે 82 કિલોમીટર લાંબી 'પદ્મા બ્રિજ લિંક પ્રોજેક્ટ'નું અનાવરણ કર્યું છે ? – બાંગ્લાદેશ
53. 'પાસપોર્ટ ટુ અર્નિંગ' (P2E) પહેલ કઈ સંસ્થા સાથે જોડાયેલ છે ? – UNICEF
54. 'કુલશેખરાપટ્ટિનમ' જે ઈસરોના બીજા સ્પેસપોર્ટ સાથે સંકળાયેલ છે. તે કયા રાજ્યમાં આવેલું છે ? – તમિલનાડુ
55. યુએન પેપરના જણાવ્યા અનુસાર _____ વર્ષ સુધીમાં 600 મિલિયનથી વધુ લોકો અત્યંત ગરીબીનો સામનો કરી શકે છે. – 2030
56. કોલ મની માર્કેટમાં હોલસેલ ડિજિટલ રૂપિયા માટે કઈ સંસ્થાએ પાયલોટ પ્રોગ્રામ શરૂ કર્યો છે ? – RBI
57. કયા દેશે 8મી BRICS આંતરરાષ્ટ્રીય સ્પર્ધા પરિષદ 2023ની યજમાનીની ભૂમિકા ભજવી હતી ? – ભારત
(આ પરિષદની યજમાની નવી દિલ્હીમાં કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયા (CCI) દ્વારા આયોજિત કરવામાં આવી હતી.)
58. તાજેતરમાં કયો બેટ્સમેન વિશ્વકપમાં સૌથી વધુ સદી ફટકારનાર બેટ્સમેન બન્યો છે ? – શ્રી રોહિત શર્મા
59. 'માડી' નામનો ગરબો તાજેતરમાં લોન્ચ થયો છે. તે કોણે લખ્યો છે ? – વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી
60. તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટે કેન્દ્રીય કર્મચારીઓ માટે DAમાં કેટલા ટકાનો વધારો કર્યો છે ? – 4%
(આ સાથે કેન્દ્રીય કર્મચારીઓનું DA 42 ટકાથી વધીને 46 ટકા થઈ ગયું છે.)
61. જેપી મોર્ગનના જણાવ્યા અનુસાર ભારતીય અર્થતંત્ર કયા વર્ષ સુધીમાં સાત ટ્રિલિયન ડોલર થશે ? – 2030
62. યુકે સરકારએ તેના 'સ્માર્ટ ડિસ્ટ્રિક' પ્રોજેક્ટ માટે કયા ભારતીય રાજ્ય સાથે સહયોગ કર્યો છે ? – તમિલનાડુ
63. તાજેતરમાં સમાચારમાં રહેલ 'એબોરિજિનલ અને ટોરેરી સ્ટ્રેટ આઈલેન્ડર્સ' કયા દેશના નાગરિકો છે ? – ઓસ્ટ્રેલિયા
64. તાજેતરમાં કયા કેન્દ્રીય મંત્રાલયે 'ટ્રેડેબલ ગ્રીન ક્રેડિટ સ્પેશિયલ પ્રોગ્રામ' રજૂ કર્યો છે ? – પર્યાવરણ વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય
65. સુશ્રી મહસા અમીનીને યુરોપિયન યુનિયનના ટોચના માનવ અધિકાર પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેઓ કયા દેશના વતની હતા ? – ઈરાન

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

# नवरात्री OFFER

## કોઈ પણ કોર્સ માત્ર ₹999/-

3 Months Validity | Recorded Course

Without Material

GSRTC કંડક્ટર ડ્રાઈવર — માત્ર ₹999/- — 3 Months Validity | Recorded Course — WITHOUT MATERIAL

GPSC MASTER COURSE — માત્ર ₹999/- — 3 Months Validity | Recorded Course — WITHOUT MATERIAL

Accountant · Auditor · Sub-Acc. · Sub-Auditor — માત્ર ₹999/- — 3 Months Validity | Recorded Course — WITHOUT MATERIAL

2 STAR PSI — માત્ર ₹999/- — 3 Months Validity | Recorded Course — WITHOUT MATERIAL

રક્ષક કોન્સ્ટેબલ — માત્ર ₹999/- — 3 Months Validity | Recorded Course — WITHOUT MATERIAL

CCE (સિનિ.ક્લાર્ક, હેડ ક્લાર્ક, જૂ.ક્લાર્ક, સચિવાલય ક્લાર્ક) — માત્ર ₹999/- — 3 Months Validity | Recorded Course — WITHOUT MATERIAL

**આ ઓફર ફક્ત 26 ઓક્ટોબર, 2023 સુધી જ**

અત્યારે જ **iceonline App** ડાઉનલોડ કરો

Google Play | Download on the App Store


93773-01110 (10:00am to 6:00pm)

# 50% BIG DISCOUNT

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




Click Here




Click Here





Click Here




Click Here




Click Here





Click Here





Click Here




Click Here




Click Here





Click Here

આ ઓફર માત્ર 10 ઓગસ્ટ, 2023 સુધી જ ( કુરિયર ચાર્જ અલગથી )

# 50% BIG DISCOUNT

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS




Click Here




Click Here




Click Here





Click Here





Click Here




Click Here





Click Here




Click Here




Click Here





Click Here

**આ ઓફર માત્ર 10 ઓગસ્ટ, 2023 સુધી જ ( કુરિયર ચાર્જ અલગથી )**

ICE
INSTITUTE FOR COMPETITIVE EXAMS

# 50%
# BIG DISCOUNT

**GPSC 1 & 2, Dy.SO, STI, TDO, PSI-કોન્સ્ટેબલ, વનરક્ષક, VMC, CCE,એકાઉન્ટન્ટ, સબ એકાઉન્ટન્ટ, સબ ઓડિટર, S.T.-કંડક્ટર, ડ્રાઈવર, મિકેનિક, કલાર્ક તથા તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી**




**જનરલ નોલેજના તમામ વિષયોની તૈયારી માત્ર એક પુસ્તકમાં**

~~₹650/-~~

માત્ર
**₹325/-**

Click Here

**30+ વિષયો**

આ ઓફર માત્ર 10 ઓગસ્ટ, 2023 સુધી જ ( કુરિયર ચાર્જ અલગથી )

GPSC Class 1/2, S.T.I., PI, Dy.S.O., નાયબ મામલતદાર, ચીફ ઓફિસર, PSI-ASI-કોન્સ્ટેબલ-જેલ સિપાહી, બિનસચિવાલય ક્લાર્ક, વનરક્ષક, FHW-MPHW, તલાટી, જુ.ક્લાર્ક, TET-TAT તથા ગુજરાત સરકારની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી એપ્લિકેશન

## સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મેળવવા માટે અત્યારે જ

Google Play પરથી iceonline DOWNLOAD કરો

OR

QR કોડ સ્કેન કરો

FREE

- E-Books
- Daily Weekly & Final Mock Test
- LECTURE PDF
- READING SCHEDULE

HIGH SCORING STRATEGY




LIVE + RECORDED BATCH

- સ્પર્ધાત્મક પરીક્ષામાં આપની સફળતા સુનિશ્ચિત કરવા માટે તમામ વિષયોનો 360° અભ્યાસ
- સ્પર્ધાત્મક પરીક્ષાનો વિશેષ અનુભવ ધરાવતી વિષય નિષ્ણાત ફેકલ્ટીઓની ટીમ દ્વારા દરેક વિષયોનો ટુ ધી પોઈન્ટ અભ્યાસ
- નવી પરીક્ષા પદ્ધતિને અનુરૂપ સંપૂર્ણ અભ્યાસક્રમને આવરી લેતા અદ્યતન માહિતી સાથેના લેટેસ્ટ વીડિયો લેક્ચર
- સ્પર્ધાત્મક પરીક્ષાના દરેક વિષયોનો સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ
- તમામ વિષયોનો ટોપિક વાઈઝ ઊંડાણપૂર્વક અભ્યાસ કરાવતા વીડિયો લેક્ચર

સ્પર્ધાત્મક પરીક્ષાની સર્વશ્રેષ્ઠ તૈયારી માટે અમારી સાથે જોડાયેલા રહો

YOUTUBE ICE RAJKOT
TELEGRAM t.me/icerajkotofficial
WHATSAPP GROUP www.joinicerajkot.com
FACEBOOK ICE RAJKOT
INSTAGRAM ICE RAJKOT
TWITTER ICE RAJKOT

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા
SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT